# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૯ ] એપ્રિલ ૧૯૯૦ [ અંક ૨જો

Scanned by CamScanner

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨ નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિ:સ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭


Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૯ ]   • એપ્રિલ : ૧૯૯૦ •   [ અંક ૨ જો

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. માતા-પિતા ઈશ્વર સમાન છે | શાસ્ત્રીજી | ૩ |
| ૨. વહાલા ! વિસરજે ના જરી ! (કાવ્ય) | મુંજાલ દવે 'મુંજ' | ૯ |
| ૩. શાસ્ત્રીજીના શ્રીમુખે લયબદ્ધ મન્ત્રોચ્ચાર | ... ... | ૧૧ |
| ૪. અર્થ (પૈસો) | શાસ્ત્રીજી | ૧૩ |
| ૫. જ્ઞાનગોષ્ઠિ | ... ... | ૧૫ |
| ૬. અધ્યાત્મની પગદંડી | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૧૮ |
| ૭. પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... ... | ૨૧ |
| ૮. ઉપાસકોને માર્ગદર્શન | શાસ્ત્રીજી | ૨૫ |
| ૯. ધંધો ફરી ધમધોકાર ચાલુ થયો | ... ... | ૨૮ |
| ૧૦. ગુરુદેવનો અમેરિકાનો કાર્યક્રમ | ... ... | ૩૦ |
| ૧૧. સમાચાર | ... ... | ૩૨ |

★ આપનું ૧૯૯૦ ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.



આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી, એપ્રિલ,
જુલાઈ અને ઓક્ટોબર
માસમાં પ્રગટ થશે.

□

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ

□

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નિલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા
અમદાવાદ – ૩૮૦૦૧૫

□

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧
ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner

# માતા-પિતા ઈશ્વર સમાન છે

— શાસ્ત્રીજી

મારી વ્યક્તિગત મુલાકાત દરમિયાન યુવાનો, વડીલો, વૃદ્ધો પોતપોતાની સમસ્યાઓ લઈને આવે છે. હું દરેકને માતાજીના સંકેત-પ્રેરણા અનુસાર માર્ગદર્શન આપું છું. પરન્તુ મેં અનુભવ્યું છે, જોયું છે, સાંભળ્યું છે કે જીવનની સંધ્યાએ, વૃદ્ધાવસ્થાના આરે ઊભેલાં વડીલો, વૃદ્ધો, માતા-પિતાની હાલત ઘણી દયાજનક છે. આજના સમયમાં પુત્રો અને પુત્રવધૂઓ દ્વારા થતી માતા-પિતાની અવગણના આપણા સમાજની ચિંતાજનક પરિસ્થિતિ છે. આજદિન સુધીમાં સેંકડો મા-બાપો મારી મુલાકાતે આવી ચૂક્યાં છે, જેઓનું તેમના ઘરમાં કોઈ સ્થાન નથી, કોઈ માન નથી. પુત્ર તેઓની ધરાર ઉપેક્ષા-અવગણના કરે છે, પુત્રવધૂઓ સાસુ-સસરાની કોઈ આમન્યા જાળવતી નથી એટલું જ નહિ, તેઓને તે સતત તરછોડતી રહે છે. આ પરિસ્થિતિ યુવાનો માટે ઘણી જ શરમજનક છે.

મારી વ્યક્તિગત મુલાકાત દરમ્યાન માતા-પિતાની ઘોર ઉપેક્ષા થવાના અનેક કિસ્સાઓ મારી જાણમાં આવ્યા છે.

એક કરોડપતિ પિતાએ પોતાના જીવતે-જીવત પોતાની તમામ મિલકત પોતાના એકના એક પુત્રના નામે કરી દીધી. સમય જતાં પુત્રે પોતાના નામ પર કરેલી તમામ મિલકત પિતા પાસેથી લઈ લીધી અને પિતાને ઘરની બહાર કાઢી મૂક્યા.

બીજા એક કિસ્સામાં પુત્રવધૂએ સસરાના માથામાં સાણસી મારી. માથામાં ઘા પડયો અને ટાંકા લેવા પડયા.

એક પુત્ર જરાક વાંકું પડતાં માને લાતો મારતો.

એક માએ પોતાના એકના એક દીકરાને પરણાવ્યો. પત્નીના પ્રેમમાં પુત્ર માનો પ્રેમ ભૂલી ગયો. પોતાને ત્યાં દીકરો આવ્યો. માનો પ્રેમ તો દીકરા પર ને દીકરાના દીકરા પર નિરંતર વહેતો હતો – વહેતો જ હોય છે પણ પુત્રને તેની કદર નહોતી – હોતી નથી.

એક વાર દીકરાનો દીકરો માંદો પડયો. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો. દાદીમા ખડે પગે દીકરાના દીકરાની તહેનાતમાં ઊભાં રહ્યાં. એટલું જ નહિ, પ્રતિજ્ઞા કરી – સંકલ્પ કર્યો કે જ્યાં સુધી પૌત્ર સારો નહિ થાય ત્યાં સુધી હું અન્ન-જળનો ત્યાગ કરીશ. પૌત્રને સારો થતાં પૂરા ત્રણ દિવસ લાગ્યા. ત્રણ દિવસ સુધી દાદીમાએ અન્ન-જળ ન લીધાં. એટલું જ નહિ. ત્રણ દિવસ સુધી પૌત્ર પાસે હોસ્પીટલમાં જ બેસી રહ્યાં.

પુત્રને પોતાના વર્તાવ બદલ પસ્તાવો થયો ને માનો પ્રેમ સમજાયો.



Scanned by CamScanner

અહીં હું માત્ર યુવાનોની ક્ષતિઓ વિશે જ વાત કરવા નથી માગતો. માતા-પિતાના પક્ષે પણ કંઈ ને કંઈ વજૂદવાળી ફરિયાદો પણ હશે જ, તેમ છતાં માતા-પિતા પૂજ્ય જ છે ને પૂજ્ય જ રહેશે. માતા-પિતાના પ્રેમની તોલે જગતમાં બીજી કોઈ ચીજ રહી શકે તેમ નથી. હકીકત ગમે તે હોય, પણ માતા-પિતાની ઘોર ઉપેક્ષા-અવગણના કરવી, તેમનું અપમાન કરવું, તેમને હડધૂત કરવાં કે તેમની. તમામ વાતોને વાહિયાત કે વજૂદ વિનાની ગણવાની ભૂલ ન કરવી જોઈએ.

એક કવિએ ગાયું છે ને કે —

જનનીની જોડ સખી નહિ જડે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.

માનો પ્રેમ-વાત્સલ્ય અટળ છે-નિરંતર છે. એમાં કદી ઓટ નથી આવતી. મા-બાપ જેવો પવિત્ર પ્રેમ ને પવિત્ર સંબંધ આ જગતમાં બીજો કોઈ જ નથી.

પત્ની પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને માતા-પિતાની ઉપેક્ષા કરવાની જરૂર નથી. પત્ની પ્રત્યેના અઢળક પ્રેમની સાથે પણ માતા-પિતાના વાત્સલ્ય-પ્રેમની મહત્તા પણ આંકાવી જ જોઈએ. તેમને માન-આદર આપવા જ જોઈ એ.

જીવનમાં સુખી થવું હોય તો માતા-પિતાને ભૂલશો નહિ. તેમની અવગણના કરશો નહિ. ઉપેક્ષા કરશો નહિ. તેમનાં દિલને દુઃખ પહોંચાડીને, તેમની આંતરડી કકળાવીને જીવનમાં ક્યારેય હાશ નહિ અનુભવી શકો. જીવનમાં સુખી, સમૃદ્ધ ને સફળ થવું હોય તો માતા-પિતાના આશીર્વાદને પ્રથમ આગળ કરો. પછી ડગ માંડો. માતા-પિતા પ્રત્યે એવું વલણ-વર્તન દાખવો કે તેમના આશીર્વાદના તમે આપોઆપ અધિકારી બનો. માતા-પિતાના અંતરના આશીર્વાદ ફળ્યા વિના રહેતા જ નથી.

હું મારી જ વાત કરું તો, હું જ્યારે નોકરીએ જતો ત્યારે ઘરની બહાર પગ મૂકતાં પહેલાં બાપુજી દરરોજ મને ટકોર કરતા: 'જો બેટા! અનીતિનો એક પૈસો પણ ઘરમાં લાવતો નહિ. નહિ તો તે આ બધું જ ઘસડી જશે.' આજે પણ બાપુજીની ટકોરમાં મને વજૂદ જણાય છે.

મારા યુવાની કાળના એ દિવસો હતા. મારે ફિલ્મ લાઈનમાં જોડાવું હતું. તે વખતે સ્વ. પૃથ્વીરાજ કપૂરને મેં અરજી પણ કરેલી. હું ટેસ્ટ આપવા પણ ગયેલો. પૃથ્વીરાજ કપૂરે મને પસંદ પણ કર્યો. તેની સાથે જોડાવા મને તેણે નિમણૂકપત્ર પણ પાઠવ્યો. આ નિમણૂકપત્ર લઈ હું બાપુજી પાસે ગયો. મેં તેમને હકીકત જણાવી. તેમણે મને કહ્યું: 'તું અમારો એકનો એક દીકરો છે. તું ફિલ્મ લાઈનમાં જોડાય તે અમને પસંદ નથી.' મેં મારો એ નિમણૂકપત્ર ત્યાં ને ત્યાં જ ફાડી નાખ્યો અને પછી મારો ફિલ્મ લાઈનનો શોખ સદંતર બંધ કરી દીધો.

એટલું જ નહિ, માતા-પિતાનો હું એકનો એક દીકરો. હું તેમનાથી અળગો રહું તેમ તેઓ ઇચ્છતા નહિ. આથી ગોધરા બહાર સારા પગારની – સારા હોદ્દાની ઘણી નોકરીઓ મેં જતી કરી.

જ્યારે માતાજીએ અમદાવાદ આવવાનો આદેશ આપ્યો અને મેં અમદાવાદ આવવા તેમની રજા માગી ત્યારે પણ તેમણે પ્રથમ તો એમ જ કહ્યું કે, તને અહીં શું દુઃખ છે? તું ત્યાં એકલો કેવી રીતે રહીશ? તને કંઈ મુશ્કેલી આવી તો તારું કોણ? અહીં તો અમે જીએ.

બાપુજીની લાગણી સમજી શકાય તેમ હતી. પરન્તુ મેં કહ્યું, 'માતાજીનો આદેશ છે એટલે જાઉં છું. માતાજીએ ચીંધેલ સેવાકાર્યનો આરંભ થયા પછી તેમની આંખો મીંચાઈ.





Scanned by CamScanner

તમે નારેશ્વરના સન્ત રંગ અવધૂતનું નામ સાંભળ્યું હશે. તેઓ પરદેશ જઈ આવ્યા છે. પણ એક વાર અમેરિકા જવાનું હતું. તમામ તૈયારીઓ થઈ ચૂકી હતી. પણ તેમનાં માતા રુકમાબાઈએ કહ્યું : 'રંગા ! તારે અમેરિકા નથી જવાનું.' બસ તેમણે પણ માતાની આજ્ઞા માથે ચઢાવીને અમેરિકા જવાનું માંડી વાળ્યું.

કહેવાનું તાત્પર્ય કે મા-બાપની પ્રત્યેક ટકોર પોતાના સન્તાનના હિતમાં જ હોય છે. સમયાન્તરે એ ટકોરનું વજૂદ-તથ્ય સમજાય છે. માતા-પિતાની ટકોર પાછળ તેમની દીર્ઘદૃષ્ટિ રહેલી હોય છે. તેમની વાણી અનુભવવાણી હોય છે. માબાપને મન ૨૫-૩૫ વર્ષનો દીકરો પણ ૫-૧૫ વર્ષનો અણસમજુ-નાદાન જ લાગે છે. અથવા તો પોતાનો વ્હાલસોયો પુત્ર ક્યાંક અજાણતાં જ કોઈ અપકૃત્ય ન કરી બેસે, કોઈ ભૂલ ન કરી બેસે, તે ક્યાંક ફસાય નહિ, કોઈ લેવાદેવામાં સપડાય નહિ કે ક્યાંક જાણ્યે-અજાણ્યે તેનું અહિત નહિ થાય તેવી લાગણી રહેલી હોય છે.

ઘણીવાર પૈસા અંગે, ખર્ચ અંગે, માલ-મિલકત અંગે, સંબંધો-મિત્રો અંગે, પિતા પુત્રને ટકોર કરે છે, ને તેમાંથી ક્યારેક ચડભડ થાય છે ને પછી વાત વણસે છે. એ ટકોરમાં પોતાનું કોઈ અહિત નહિ થાય તેવી જ પિતાની લાગણી હોય છે. તેઓનો અનુભવ બહોળો હોય છે. આંટીઘૂંટીઓની તેમને જાણ હોય છે. તેમણે ખૂબ પરિશ્રમ કરીને પાઈ-પાઈ ભેગી કરી હોય છે, મિલકત ઊભી કરી હોય છે, તેથી તેનું મૂલ્ય તેઓને મન ઘણું હોય છે. તેની યથાયોગ્ય જાળવણી થવી ઘટે તેવો તેમનો આગ્રહ હોય છે. એમાં ખોટું પણ શું છે? પરિશ્રમપૂર્વક પ્રાપ્ત કરેલી માલમિલકત વેડફાઈ જાય તે કોને પસંદ પડે?

મેં ઘણા કિસ્સાઓમાં સાંભળ્યું છે કે, પુત્ર પોતાનો સ્વતંત્ર ધંધો ચાલુ કરે, પણ પિતાને તેની સહેજ પણ માહિતી નથી હોતી. પિતા તે અંગે કશું જ જાણતા નથી હોતા. ધંધાની શરૂઆત થાય છે. સમારંભો થાય છે, પાર્ટીઓ યોજાય છે, અદ્યતન ઢબે યોજાતી પાર્ટીના પરિવેશમાં કરોડપતિ પિતા એક ખૂણે બેસી લાચારીથી બધું જોયા કરે છે. આ ચિત્ર કેટલું દયાજનક ને શરમજનક છે! ભલે તમે સ્વતંત્ર ધંધો ચાલુ કરો, પણ સાથે માતા-પિતાના આશીર્વાદ અને પિતાનું અનુભવજ્ઞાન રાખો અને પછી એનું શું પરિણામ આવે છે તે જુઓ.

માતા-પિતા કોઈ પણ સમયે, કોઈપણ પરિસ્થિતિમાં વર્જ્ય નથી, ઉપેક્ષા-અવગણનાને પાત્ર નથી. તેમના આશીર્વાદ અને અનુભવને નજર સમક્ષ રાખવાં જ રહ્યાં. તેમનાં માન-આદર-પ્રતિષ્ઠા જાળવવાં જ જોઈએ. તેમની સેવા માટે – તેમણે ચીંધેલ કાર્યો માટે – સદા તત્પર રહેવું જ જોઈએ. તેમની ટકોરોનું તાત્પર્ય સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમની શીખામણો જીવનમાં ઉતારવી જરૂરી છે. તેમના અનુભવજ્ઞાનને મૂલ્યવાન ચીજની જેમ જાળવી રાખો, તેનું જતન કરો. માતા-પિતાના સંસ્કાર-પ્રતિષ્ઠા લજવાય એવું કોઈ કાર્ય ન કરો. જીવનમાં એવાં કાર્યો કરો જેથી માતા-પિતા તમારે માટે ગૌરવ લઈ શકે. ને તમે પણ ઉન્નત મસ્તકે ફરી શકો.

તમે ગણપતિ અને કાર્તિકેયનો પ્રસંગ જાણતા હશો. કાર્તિકેય પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળ્યા, પણ ગણપતિએ તો માતા-પિતાની પ્રદક્ષિણા કરીને જ સન્તોષ માણ્યો.

જીવનમાં માતાપિતાની પ્રસન્નતા મેળવવી જરૂર છે.

જેમણે પરમતત્ત્વની કૃપા મેળવવી છે, ઉપાસના કરવી છે, તેઓ માતાપિતાને કદી ન વિસરે.

પરન્તુ આટલે મોટી ખોડ કે આજના યુવાનોમાં સહનશીલતાનો અભાવ જોવા મળે છે. એમાંથી જ કુટુંબમાં અનેક પ્રકારનાં વૈમનસ્યો-સંઘર્ષો-કલેશો જન્મે છે, જે માતા-પિતાની ઉપેક્ષા-અવજ્ઞા સુધી

પહોંચે છે જે ઉચિત નથી. દરેક યુવાન ભાઈ–બહેને થોડીક સહનશીલતા કેળવવાની જરૂર છે. થોડીક ગમ ખાવાની પણ જરૂર છે.

જે બહેનો જે ઘરની 'વહુ' બને છે. તેના રીતરિવાજો – કુટુંબની પ્રણાલી, ત્યાંના વાતાવરણ, સગાં-સંબંધી, મિત્રો સૌ સાથે હળીભળી જવાની જરૂર છે. દૂધમાં સાકર ભળી જાય છે, અને એનું અસ્તિત્વ મીઠાશમાં પરિવર્તિત થઈ જાય તેમ સાસુ–સસરા–વડીલોની આમન્યા જાળવવાની જરૂર છે. ઘરની વહુ બન્યા પછી તેણે કેટલીક આચાર–સંહિતા પાળવાનું જરૂરી લાગે છે. ઘણી નાની–નાની બાબતો પ્રત્યે કાળજી રાખવી જરૂરી છે. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી' કહેવત અનુસાર મા–બાપના બારણેથી–માંડવામાંથી વિદાય લઈ 'વહુ' તરીકે અન્ય ઘરમાં પ્રથમ પગલું માંડતાં જ ત્યાંના વાતાવરણમાં ભળી જાવ. સાસુ–સસરાને જ મા–બાપ માની પિયરની મમતા હૃદયના એક ખૂણામાં સાચવી રાખો. માતાપિતાના સંસ્કારને–પ્રતિષ્ઠાને સદા યાદ રાખો. નણંદ–દિયરને જ ભાઈ–બહેન સમજો. સૌનાં કાર્યો કરવા તત્પર રહો. સૌને સસ્મિત આવકારો. સૌ કાર્ય સાસુને પૂછીને કરો. એમાં નાના નથી દેખાવાના. સાસુ–સસરાનાં તમામ કાર્યોનું ધ્યાન રાખો. કાળજી રાખો. સાસરિયાં ગમે તેટલાં આકરાં હોય તો પણ વેઠયે જ છૂટકો. સાસુ–સસરાની અવજ્ઞા–ઉપેક્ષા કદી થવી નહિ ઘટે એટલું તો ધ્યાન રાખવું જોઈએ.

એકવાર સૂરતમાં વ્યક્તિગત મુલાકાત દરમ્યાન એક બહેન આવ્યાં. તેમણે તેમનાં સાસુ વિરુદ્ધ ઘણી ફરિયાદો કરી. તેમણે જણાવ્યું કે સાસુ આખો દિવસ ટક્ ટક્ કર્યા કરે છે. મેં બહેનને કહ્યું : જુઓ બહેન ! જ્યારે તમારાં સાસુ બોલવાનું ચાલુ કરે ત્યારે તમે મૌન થઈ જજો અને મંત્રજપ ચાલુ કરી દેજો.

'આધ્યાત્મિક કેડી'ની વાચક દરેક 'વહુ'ને મારું સૂચન છે કે, જ્યારે જ્યારે સાસરામાં તમને કોઈ પણ વિષમ પરિસ્થિતિનો અનુભવ થાય ત્યારે મૌન સેવી મન્ત્રજપ ચાલુ કરી દેશો. એનું અવશ્ય સત્પરિણામ અનુભવવા મળશે.

કોઈકના ઘરની વહુ બનવા જતી 'આધ્યાત્મિક કેડી'ની દીકરીઓ ! તમે સૌ મારા આશીર્વાદ લઈને પ્રભુતામાં પગલાં માંડો છો. માંડવામાંથી વિદાય આપતી વેળા તમારાં મા–બાપ આંખમાં અશ્રુઓ લાવી કહે છે: 'બેટા ! તારાં સાસુ–સસરાને જ તારાં મા–બાપ ગણજે. નણંદ–દિયરને જ તારાં ભાઈ–બહેન માનજે.' મા–બાપના એ શબ્દોને જીવનમાં સાર્થક કરી દેખાડજો. સાસુ–સસરાની કદી અવજ્ઞા–ઉપેક્ષા ન કરશો. સાસરિયાનાં સારાં-ખોટાં વચનો સાંભળી દિલ ખાટું થાય – કડવાશ જન્મે તો માતાજીને યાદ કરજો. મંત્ર જપજો. સાસુ–સસરાનું દિલ દુભાય તેવું કોઈ કાર્ય કરશો નહિ. કૌટુમ્બિક–સામાજિક ફરજો–વ્યવહારો અદા કરવામાં સાસુની સાથે રહેવું એ વહુની ફરજ છે.

અગ્નિની સાક્ષીએ તમે એક અજાણ્યા યુવાનને, એક અપરિચિત માણસોને, ઘરને, વાતાવરણને, તેના રીતરિવાજ, તેના સગાંસંબંધી-મિત્રોને તમારાં પોતાનાં કરવા જઈ રહ્યા છો. આપણી હિન્દુ સંસ્કૃતિમાં લગ્ન એ પવિત્ર બન્ધન છે. એમાં સ્નેહ–સમર્પણ ભળેલાં છે. એ એક સાધના છે. એ સાધના સહનશીલતા, ધીરજ, પ્રેમ, સન્તોષ અને સહાનુભૂતિ વિના સિદ્ધ નથી થઈ શકતી. 'આધ્યાત્મિક કેડી'ની દીકરીઓ–વહુઓ આ હકીકત ધ્યાનમાં રાખે એમ હું ઇચ્છું છું.

કોઈવાર તમારી લાગણીમાં પ્રેરાઈને તમારો પતિ માતા-પિતાનું અપમાન કરે–ઉપેક્ષા કરે, કે તરછોડે તો તમે તેને તેમ કરતાં રોકજો. એની–પતિની લાગણી જરૂર માથે ચઢાવજો, એ લાગણીથી ધન્યતાની–કૃતકૃત્યાતના ભાવથી પતિને સભાર બનાવી દેજો અને માતા–પિતા પ્રત્યેના પ્રેમ–માન–આદરનું તેને સ્મરણ કરાવતા રહેજો. એ તમારી ફરજ છે.

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૦



Scanned by CamScanner

આપણે ત્યાં પશ્ચિમની સંસ્કૃતિની જેમ લગ્ન એક કરાર નથી પણ પવિત્ર બન્ધન છે. પતિ એ માત્ર મિત્ર નથી. કદાચ એ મૈત્રી હોય તો શયનખંડના બારણાની બહાર જઈ નહિ શકે. ઘરનાં વડીલો, સાસુ-સસરાની હાજરીમાં પતિને નામ દઈને કે 'તું'કારથી બોલાવશો નહિ.

સૌભાગ્યના શણગારથી સહેજ પણ અળગા ન રહેશો. કપાળમાં ચાંલ્લો, હાથમાં બંગડી અને ગળામાં જેવું મળે તેવું મંગળસૂત્ર પરિધાન કરવાનું અને જો ગમે તો સેંથાને કુમકુમવર્ણી કે સિંદુર-વર્ણી રાખવાનું, તેમ જ વાળમાં તેલ નાખી સ્વચ્છ રીતે સરખા વાળ ઓળવાનું ભૂલશો નહિ. તમને અને તમારા પતિને ગમતું હોય તો પંજાબી ડ્રેસ વગેરે પતિ સાથે ફરવા કે પાર્ટીમાં જાઓ ત્યારે પહેરો. એમાં પણ મર્યાદા જાળવજો. તમારા શરીર અને વ્યક્તિત્વને તે કેટલું અનુરૂપ લાગે છે તે વિચારજો. ભલે તમે તમારો શોખ પૂરો કરો, પણ સાસરામાં વડીલો વચ્ચે સાડી ને પ્રસંગોપાત્ત ગુજરાતી સાડી જ તમારો માન-મોભો-વ્યક્તિત્વ-સંસ્કાર ને પ્રતિષ્ઠાને દીપાવશે.

પિયરની મમતામાંથી એક અપરિચિત ઘર સાથે-માણસો સાથે મમતા જોડવા જઈ રહ્યાં છો કે જોડો છો ત્યારે પિયરની મમતાની-પિયરની જાહોજલાલીને-પિયરની દોમદોમ સાહ્યબીને તમે છોડી જ દીધી છે, એને તમારા હૃદયના છાના ખૂણે રાખી મૂકો, અને તમે જે ઘર અને વર પસંદ કર્યાં છે તેનું ગૌરવ કરતાં શીખો. તમારા પિયરથી ભલે તમને પચ્ચીસ જોડ કપડાં કે પચ્ચીસ તોલા સોનું આપ્યું હોય ને સાસરિયાએ ભલે પાંચ સાડી કે પાંચ તોલા જ સોનું આપ્યું હોય તો પણ એ પાંચ સાડી ને પાંચ તોલા સોનાને પેલાં પચ્ચીસ જોડ કપડાં કે પચ્ચીસ તોલા સોના કરતાં વિશેષ મૂલ્યવાન સમજો અને એને પ્રેમથી પહેરો. કારણ દરેક મા-બાપ પોતાના દીકરાને હોંશથી પરણાવે છે, કેટલા ઉમંગથી વહુ લઈ આવે છે એટલું જ નહિ, એ વહુ માટે પાંચ જોડ કપડાં ને પાંચ તોલા સોનાના દાગીના તમારા પતિ અને સાસુ-સસરાએ મહામહેનતે તૈયાર કર્યા હોય છે એથી એનું મૂલ્ય અને ગૌરવ સમજો અને જાળવો.

ઘરમાં સાસુ સહિત સૌ સવારે ઊઠે તે પહેલાં અથવા તો સૌની સાથે તમે પણ તમારા શયન-ખંડની બહાર આવી જાવ ને સસ્મિત સૌને આવકારો. બને ત્યાં સુધી સવારમાં ચા-દૂધના પ્યાલા પ્રેમપૂર્વક તમારા હાથે દરેકને આપો. ઘરનું તમામ નાનું મોટું કામ ઉપાડી લેવાની, તમામ નાની મોટી બાબતોની કાળજી લેવાની, ધ્યાન રાખવાની એક વહુ તરીકે તમારી ફરજ છે. ઘરનો તમામ કાર્યભાર તમે ઉપાડી લો. સાસુને એવું લાગવું જોઈએ કે અમારી વહુ ઘરનું કામ ઉપાડી લે તેવી છે, મારે કશી ચિંતા નથી. એવું વલણ તમે દાખવો. સારા-માઠા પ્રસંગોમાં તમે ઘરનો મોભ બનીને રહો.

તમારા પતિ સહિત સૌ પોતપોતાના કામે બહાર જાય ત્યારે તે સર્વને સસ્મિત વિદાય આપો. પોતપોતાના કામેથી ઘરમાં આવે ત્યારે સસ્મિત સૌને આવકાર આપો. સૌના કાર્યમાં-પ્રવૃત્તિમાં રસ દાખવો.

આપણા સમાજમાં સાસુ-નણંદ ભાભીનાં નામો વગોવાયેલાં છે. ભાભી-નણંદના ઝઘડામાં મોટે ભાગે ઈર્ષા-અહમ્ જ કારણભૂત બનતાં હોય છે. તમે પણ કોઈકનાં નણંદ ને કોઈકનાં ભાભી છો. ભાભી તરીકે નણંદને આવકારવાની આવશ્યકતા છે. એટલું જ નહિ, નણંદ તરીકે ભાભીનાં માન-આદર-ગૌરવ જાળવતાં શીખવાની પણ જરૂર છે. વહુ તરીકે તમને જે કંઈ મળ્યું છે એમાં જ તમે સન્તોષ ને આનંદ માણો. તમારાં સાસુ-સસરા પોતાની કમાણીમાંથી નણંદને ભલે ગમે તેટલું આપે



Scanned by CamScanner

પણ તમે એ અંગે કશો વિરોધ નહિ કરી શકો. નણંદ ભલે પરણીને પારકે ઘેર ગઈ છે, પણ એના મા–બાપની તો એ લાડકવાયી–વહાલસોયી દીકરી જ છે. દરેક નણંદ ભાભીને પારકી નહિ સમજે. એ પારકી જણી પણ તમારા ભાઈની પત્ની છે. તમારી ગેરહાજરીમાં તમારા માતા–પિતાની સંભાળ લેનાર ભાભી જ છે. તમારાં ભાભી કંઈક દિલનાં આશા–અરમાન લઈને તમારે ઘેર આવી છે. એનાં આશા–અરમાન કચડાય નહિ તે તમે જોજો.

પરાપૂર્વથી સાસુ–વહુ, નણંદ–ભોજાઈના સમ્બન્ધો પર છવાયેલી કાલિમાને દૂર કરવી જોઈએ એમ હું માનું છું. એ કાલિમાની ભીતરમાં દરેકનો અહમ્, ઇર્ષ્યા, અસન્તોષ ને સંશય જ સમાયેલાં છે.

અત્રે વહુને–પુત્રવધૂને પક્ષે મેં જણાવેલી આચારસંહિતાના અભાવને કારણે કુટુમ્બમાં પુત્રવધૂને માટે થોડોક અસંતોષ જન્મે છે, અસન્તોષમાંથી ક્લેશ, ક્લેશમાંથી વૈમનસ્ય સર્જાય છે અને વૈમનસ્ય સર્જાતાં સહનશીલતાના અભાવે પુત્ર અને પુત્રવધૂ, માતા–પિતા, સાસુ–સસરાને ધિક્કારવા લાગે છે. તેમની ઉપેક્ષા–અવગણના કરવા લાગે છે.

પરદેશોમાં ઘરડાં-ઘરની વ્યવસ્થા કરવામાં આવી છે. માતા–પિતા વૃદ્ધ થતાં પુત્ર તેમને ઘરડાં-ઘરમાં મૂકી આવે છે અથવા ગમે તે કારણે અસહાય–નિરાધાર થયેલ વૃદ્ધો ઘરડાં-ઘરમાં આવી રહે છે. આપણે ત્યાં પણ ઘરડાં–ઘરના નિર્માણની દિશામાં પગરણ મંડાઈ ચૂક્યાં છે. એ પગરણ આગળ મંડાતાં અટકે તે ઉચિત છે. ઘરડાં-ઘરના નિર્માણને નામશેષ બનાવવાની જવાબદારી યુવાનોની છે.

'આધ્યાત્મિક કેડી'ના પુત્રો–પુત્રવધૂઓને મારો આદેશ છે કે, જે મા–બાપે તમને જન્મ આપ્યો, કેટલાં દુઃખ–અગવડ વેઠી મોટાં કર્યાં, તમારી જરૂરિયાતો સંતોષી, ભણાવ્યાં, પરણાવ્યાં, જીવનમાં સ્થિર કર્યાં; તે મા–બાપને ભૂલશો નહિ. તરછોડશો નહિ. તેમના જીવનની ઢળતી સંધ્યાએ તેમને લાચાર–નિરાધાર–અસહાય ન બનાવતાં તેમના ટેકારૂપ બનજો. જે તમારા આધાર બન્યા તેના તમે આધાર બનવાની માનવતાને વિસરશો નહિ. તો જ તમે ઈશ્વરના ઐશ્વર્યને પામી શકશો.

'માતૃદેવો ભવ અને પિતૃદેવો ભવ'ની ઉક્તિ અનુસાર માતા–પિતામાં જ ઈશ્વરનાં દર્શનની અનુભૂતિ કરવાનો પ્રયાસ કરો એ જરૂરી લાગે છે.

Scanned by CamScanner

# વહાલા ! વિસરજે ના જરી....

હે માનવી ! માનવ તણું અણમોલ દીધું ખોળિયું,
પય–પીયૂષ નિજ હૈયા મહીંનું બાળમુખે ઢોળિયું,
બાળોતિયાં ધોનારનાં ધોજે ચરણ ભક્તિ ધરી,
એ માતને એ તાતને વહાલા, વિસરજે ના જરી !

મા–તાતની ફરતે ફરી અડસઠ તિરથ લીધાં ફરી,
ગરવા ગજાનન પામિયા રિદ્ધિ વળી સિદ્ધિ ખરી;
શ્રીરામ પણ દશરથ વચન પર વનવિશે ગ્યા સંચરી,
એ માતને એ તાતને વહાલા, વિસરજે ના જરી !

જગમાં અમર થૈ જાતરા જ્યારે ખભે કાવડ ધરી,
નિજ અંધ મા ને બાપનો લૈ ભાર એ નરકેસરી;
સુગંધ સેવાની જ ચાલ્યો શ્વાસ છેલ્લામાં ભરી,
એ માતને એ તાતને વહાલા ! વિસરજે ના જરી !

હંમેશ જેની આંખથી વરસી રહે મમતા નરી,
વડલો બની, તડકો સહી, તારા ઉપર છાયા કરી;
પડતો જરી માંદો કદી, તો આંખ અશ્રુથી ભરી,
એ માતને એ તાતને વહાલા, વિસરજે ના જરી !

ભણશે વળી નિજ લાડલો ધન કામશે, પદ પામશે,
ઘડપણ તણો થાશે વિસામો, આશ હૈયામાં હશે;
વિશ્વાસને, એ આશને, ન સ્વાર્થ માન ભણેશરી !
એ માતને એ તાતને વહાલા; વિસરજે ના જરી !

મળશે બધું પૈસા થકી મા–બાપ કિન્તુ ના મળે,
મળિયાં નથી મા–બાપ જેને એમનાં હૈયાં બળે;
નિજ માન–મોભા કાજ બેઠો એમને જુદાં કરી,
એ માતને એ તાતને વહાલા, વિસરજે ના જરી !



Scanned by CamScanner

સંતાન તારાં પણ કરેલું યાદ તારું રાખશે,
તારો સમય પણ પાકશે ત્યારે તને ક્યાં નાખશે?
એ વાત મનમાં જો વિચારી; ન્યાય છે આ ઈશ્વરી,
એ માતને એ તાતને, વહાલા, વિસરજે ના જરી!

વેદો વળી ઉપનિષદ પણ મા-બાપનો મહિમા કહે,
મા-બાપની સેવા થકી જગદીશ પણ રાજી રહે,
એ પ્રેમ-મમતા પામવા આવે પ્રભુ જન્મો ધરી,
એ માતને એ તાતને, વહાલા, વિસરજે ના જરી!*

— મુંજાલ દવે - 'મુંજ'

□

* પૂજ્ય ગુરુદેવના આદેશથી માતા-પિતાના હેતને વ્યક્ત કરતું કાવ્ય.

Scanned by CamScanner

# શાસ્ત્રીજીના શ્રીમુખે લયબદ્ધ ગાયત્રી મન્ત્રોચ્ચાર

૧૯૯૦ના જાન્યુઆરીની ૩૧ મી તારીખ હતી. સૂરત-ડુમસ રોડ પર આવેલ રૂંઢનાથ મહાદેવ પાસે શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે સાત વાગ્યે પુરોહિત શ્રી જયંતીભાઈના આચાર્યપદે આરંભાયેલી યજ્ઞવિધિ આસપાસના શાંત વાતાવરણમાં ઓર વધારો કરતી હતી. જયંતીભાઈ અને તેમના સાથી પુરોહિતોના મન્ત્રોચારો સમસ્ત વાતવરણમાં જાણે પ્રતિઘોષ પાડતા હતા.

દસેકના સુમારે શાસ્ત્રીજીનું યજ્ઞમંડપમાં આગમન થયું. ગુરુદેવે યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યા બાદ, તેમના હસ્તે યજ્ઞકુંડમાં અગ્નિ પ્રગટાવ્યા બાદ હોમ શરૂ થયો. આખા દિવસ દરમ્યાન ગાયત્રી મંત્રની પાંચ માળાનો હોમ કરવામાં આવ્યો.

સાંજે ચારેકના સુમારે પાંચ માળાનો હોમ પૂરો થયો. જયંતીભાઈએ છેલ્લે માત્ર બાકી રહેલ ઉપાસકો માટે અગિયાર મંત્રોની આહુતિ આપવાની જાહેરાત કરી અને જે ભાઈ-બહેનોને લાભ ન મળ્યો હોય તેઓને યજ્ઞકુંડ પર હાજર થવા જણાવ્યું. ઘણાં ભાઈ-બહેનો છેલ્લા અગિયાર મંત્રોનો હોમ કરવા પાંચે કુંડો પર ગોઠવાઈ ગયા હતા.

માતાજીનો સંકેત-પ્રેરણા થયાં હશે કે શું, ગુરુદેવે બહેન સાથે કંઈક વાત કરી, કંઈક સૂચના આપી હોય તેમ જણાયું. ગુરુદેવ અને કૈલાસબહેન ત્વરાથી તેમની બેઠકમાંથી ઊઠી યજ્ઞમંડપમાં પ્રવેશ્યાં. મધ્યકુંડની નજીક જ્યાં જયંતીભાઈ અને તેમના સાથી પુરોહિતો બેસીને માઈકમાં યજ્ઞવિધિ અંગે યજમાનોને સૂચના, આપે છે અને મંત્રોચ્ચાર કરાવે છે, ત્યાં જઈ ગુરુદેવ અને કૈલાસબહેન માઈક પાસે પડેલા પાટલા ઉપર બેસી ગયા.

અમને તો હતું કે ગુરુદેવ યજ્ઞ વિશે-ઉપાસના વિશે બે શબ્દો કહેશે. તેમ છતાં ગુરુદેવ શું કરે છે અને કહે છે તે જોવા-સાંભળવા ઉપસ્થિત સૌની નજર અને કાન ગુરુદેવ તરફ મંડાયાં. કારણ કે જયંતીભાઈ અને યજ્ઞના યજમાનની વિનંતીથી યજ્ઞમંડપમાં પ્રવેશ માટે, અગ્નિ પ્રગટાવવા માટે કે યજ્ઞની પૂર્ણાહુતિ સમયે નાળિયેર હોમવા માટે જ પોતાની બેઠક પરથી ઊઠીને યજ્ઞમંડપમાં પ્રવેશતા ગુરુદેવ આજે સ્વયમ્ કોઈ પણ ભાઈ-બહેનને, યજમાનને, જયંતીભાઈને કે કોઈને પણ કોઈપણ સૂચના આપ્યા વિના યજ્ઞમંડપમાં અચાનક આવીને બેસી ગયા તેથી સૌને કુતૂહલ થયું હતું.

સૌની ઉત્કંઠા-આતુરતા વચ્ચે ગુરુદેવે માઈક હાથમાં લઈ જણાવ્યુ :

'ગાયત્રી માતાનાં વહાલાં બાળકો',

આજે સવારથી અત્યાર સુધીમાં આપ સૌએ ગાયત્રીમંત્રની પાંચ માળાનો હોમ કર્યો છે. મારા આપ સૌને આશીર્વાદ છે. પણ તમે સૌ મન્ત્રોચ્ચાર લયબદ્ધ રીતે કરો કે જેથી માતાજીએ પ્રત્યક્ષ આવવું પડે, અન્તરિક્ષમાંથી માતાજી આશીર્વાદ આપે, એની હાજરીનો અનુભવ થાય, માતાજી મંડપમાં આવી રહ્યાં છે એવી અનુભૂતિ થાય.'

ગુરુદેવના આ શબ્દોમાં એક અજબનો જોસ્સો હતો, પોકાર હતો, અંતરનો ઊંડો ભાવ હતો.

આટલું કહ્યા પછી ગુરુદેવે સ્વયં પોતાના શ્રીમુખે હળવેથી લયબદ્ધ રીતે, મન્ત્રના અક્ષરે અક્ષરે તેના ઉચ્ચાર, ભાવ અને લય અનુસાર ભાર આપી મન્ત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. તેમના અવાજમાં



Scanned by CamScanner

સમસ્ત અસ્તિત્વની ઊંડી પ્રશાંતિ વર્તાતી હતી. એમાં શ્રદ્ધાનો રણકો હતો. શરણાગતિનો ભાવ હતો. માને બાળકની કાલીઘેલી વિનંતી હતી. એક ભક્તનું ભગવાન સાથે તાદાત્મ્ય હતું. ઉપસ્થિત સમસ્ત ભક્ત સમુદાયને :મન્ત્રોચ્ચાર કેવી રીતે કરવા જોઈએ તેનું પ્રત્યક્ષ મૌખિક નિદર્શન હતું, માર્ગ-દર્શન હતું.

પરન્તુ સૌથી મહત્ત્વની ઘટના તો એ હતી કે ગુરુદેવે માતાજીના આદેશથી સેવાકાર્ય ચાલુ કર્યું ત્યારથી આજદિનપર્યન્ત તેમના સાન્નિધ્યમાં અનેક યજ્ઞો થયા છે, પરન્તુ હોમ દરમ્યાન ગુરુદેવે સ્વયમ્ યજ્ઞમંડપમાં પધારી સ્વમુખે મન્ત્રોચ્ચાર કર્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો. ગુરુદેવના મુખે લયબદ્ધ ગાયત્રી મન્ત્રનો ઉચ્ચાર સાંભળવાનો આ પ્રથમ લહાવો હતો.

મન્ત્રોચ્ચાર વેળા ગુરુદેવ તેમની બેઠકમાં સંપૂર્ણ ટટ્ટાર, પલાઠી વાળી, આંખો બંધ કરી, અન્ત-મુંખી બની, અંદર ઊંડા ઊતરી સ્વની ચેતનાનો તાર પરમતત્ત્વ સાથે જોડી દઈ અંદરની ઊંડી પ્રશાંતિની મુદ્રા આંખ સામે આજે પણ તરવરી રહે છે.

જીવનની એ ધન્ય ક્ષણો હતી.

આપણે જીવનની આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત બની એનો ઉકેલ શોધવા ગુરુદેવ પાસે જઈએ છીએ. ગુરુદેવ માતાજીના સંકેત–પ્રેરણા અનુસાર માર્ગદર્શન આપે છે અને ગાયત્રી મંત્રની ત્રણ માળા કરવા જણાવે છે.

આ યજ્ઞમાં ઉપસ્થિત જે ભાઈ–બહેનોએ ગુરુદેવને મન્ત્રોચ્ચાર કરતા જોયા– સાંભળ્યા હશે તેઓને ખ્યાલ આવ્યો હશે કે ગુરુદેવના કહેવાથી આપણે સૌ માળા તો કરીએ છીએ, પણ આપણી કયાં, કેટલી, શી ઊણપ છે? આપણે ત્વરિત આપણી સમસ્યાનો ઉકેલ માગીએ છીએ, ભક્તિ માગીએ છીએ, માતાજીના દર્શનની અપેક્ષા પણ આપણે તેમની સમક્ષ વ્યક્ત કરીએ છીએ, પણ આપણા મન્ત્રોચ્ચારમાં આપણી ઉપાસનામાં કેટલું ઊંડાણ છે, ભાવ છે, શ્રદ્ધા છે, શરણાગતિ છે, શિશુભાવ છે, પોકાર છે, તેનો ખ્યાલ આપણે સૌએ મેળવવાની જરૂર છે.

ગુરુદેવે ગાયત્રી–મન્ત્રોચ્ચારનો જે ધીમો હળવો લય સંભળાવ્યો, ઉચ્ચારીને દર્શાવ્યો તેને અનુ-સરવાની જરૂર છે. તો શ્રદ્ધા, શરણાગતિ, શિશુભાવ અને એકાગ્રતા પણ કેળવાશે, હૃદય આર્ત પોકાર કરી ઊઠશે એટલું જ નહિ, અંદરના તમામ ઉધામાઓ આપોઆપ શાંત થઈ જશે. મન શાંત ને સ્વસ્થ બનશે. અસ્તિત્વ ત્વરાથી પરમતત્ત્વ તરફ ગતિ કરશે.

□

Scanned by CamScanner

# અર્થ ( પૈસો )

શાસ્ત્રીજી

અર્થ એટલે કે પૈસો–લક્ષ્મી–ધન એ જીવનનો બીજો પુરુષાર્થ ગણાયો છે. ધર્મમય જીવનનો વ્યવહાર ચલાવવા માણસને પૈસાની જરૂર પડે છે. દરેક વ્યક્તિ પોતપોતાની જરૂરિયાત અનુસાર પૈસો પ્રાપ્ત કરી લે છે પણ એ પ્રાપ્તિ પ્રમાણિકતાથી, નીતિમત્તાથી, પરિશ્રમપૂર્વક કરવાની હોય છે અને એનો વિનિયોગ સ્વ અને પરના કલ્યાણ માટે સન્માર્ગે કરવાનો રહે છે.

જીવનવ્યવહાર માટે ધન અનિવાર્ય અને આવશ્યક છે. એ વિના જીવનવ્યવહાર શક્ય અને સંભવિત પણ નથી. તેમ છતાં એ એક પુરુષાર્થ છે, સાધન છે.

વિભિન્ન પુરુષાર્થ દ્વારા મનુષ્યનું લક્ષ્ય તો ઈશ્વરપ્રાપ્તિ–ઈશ્વરભક્તિ જ હોઈ શકે.

ભક્ત કવિ નરસિંહ મહેતાએ કહ્યું છે :

"ધન તણું ધ્યાન તું અહોનિશ આદરે, એ જ તારે અન્તરાય મોટો."

—અર્થાત્ મનુષ્ય રાત–દિવસ ધનપ્રાપ્તિના જ વિચાર કર્યા કરે છે. ઈશ્વરભક્તિમાં એ મોટો અન્તરાય બને છે.

'પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ'ની ઉક્તિ અનુસાર માનવી આજે પૈસા પાછળ દોટ મૂકી રહ્યો છે.

માણસ ધનપ્રાપ્તિની સાથે સાથે ઈશ્વરની કૃપાપ્રાપ્તિનો પુરુષાર્થ પણ આદરે તે જરૂરી છે. સ્વના વિનિયોગ ઉપરાંત પરના કલ્યાણ માટે પણ તે પોતીકી કમાણીનો યત્કિંચિત્ અંશ વાપરે તે ઉચિત છે.

ધનનો યથોચિત વિનિયોગ થાય તે જરૂરી છે. તેનો દુરુપયોગ માણસનું અધઃપતન નોતરે છે. ધનનો એક સાધન તરીકે વિનિયોગ થાય તે ઉચિત છે પરન્તુ ધન જ્યારે સાધનને બદલે સાધ્ય બને ત્યારે હાનિકારક નીવડે છે.

ઈશ્વરપ્રાપ્તિને જીવનનું ધ્યેય સ્વીકારી જીવનનિર્વાહના સાધન તરીકે નીતિથી ધન કમાવું જરૂરી છે.

ઈશ્વરભક્તિનો હેતુ માત્ર ભક્તિનો જ હોઈ શકે, પણ મેં ઘણીવાર જોયું છે કે, મનુષ્ય મોટે ભાગે ઈશ્વરની ભક્તિને પણ ધનપ્રાપ્તિનું સાધન જ ગણે છે.

જીવનના ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ચાર પુરુષાર્થોમાં મોક્ષને પરમ પુરુષાર્થ ગણાવ્યો છે. આ મોક્ષપ્રાપ્તિમાં કોઈ બાધ નહિ આવે તેથી ધનપ્રાપ્તિનો માર્ગ નીતિમય અને પ્રમાણિક હોવાનો આગ્રહ રાખવામાં આવે છે. ધર્મમય જીવન ન હોય તો પરમ પુરુષાર્થની પ્રાપ્તિ ન થાય તે તો દેખીતું છે. અનીતિને માર્ગે કમાયેલું ધન બન્ધનકર્તા પણ નીવડે છે.

મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે અધર્મથી મેળવેલું ધન સન્માર્ગે પ્રાપ્ત કરેલા ધનને, સમૃદ્ધિને, સુખને, ચેન–શાંતિને ઘસડી જાય છે.

ધનપ્રાપ્તિ સન્માર્ગે થવી જોઈએ તેનું શું કારણ? કઈ રીતે ધનપ્રાપ્તિ સન્માર્ગે થઈ શકે?



Scanned by CamScanner

બીજા હકની ચીજવસ્તુ-ધન મેળવવાં પણ ઉચિત નથી. વેપારી નફાખોરી કરી ધન મેળવે તે પણ ઉચિત નથી. જરૂર કરતાં વધુ સંગ્રહ પણ ન થવો જોઈએ.

ધનપ્રાપ્તિ જ જીવનનું ધ્યેય બનતાં સતત તેનું જ ચિંતન થયા કરે છે. ધનપ્રાપ્તિનું સતત ચિંતન-લાલસા મનુષ્યને વિષયસુખ પ્રત્યે ધકેલે છે. કામી બનાવે છે. આળસુ-પ્રમાદી બનાવે છે. એમાંથી અનેક અનિષ્ટો ઉદ્ભવે છે. માનવીની પ્રકૃતિ ક્રોધી ને કામી બને છે ને ક્રમશઃ તેનો નાશ થાય છે. ધનના કારણે માનવીની આ ગતિ થાય તે ઉચિત નથી.

ધન એટલે લક્ષ્મી. તે ઈશ્વરની અર્ધાંગના છે. આથી તેને ભોગ્યા ન સમજતાં માતા ગણી તેની સેવા ને ભક્તિ કરવી જોઈએ. તેને પૂજ્ય ગણી ઘરના-કુટુમ્બના-જીવનના વડીલ ગણી, તેની આમન્યા પાળી, તેનો સાત્ત્વિક, પવિત્ર, નીતિમય વિનિયોગ થવો જોઈએ. જીવનનૈયાની સુકાની તેમને બનાવવાં જોઈએ.

નીતિમય પુરુષાર્થથી જે ધન મળે તેમાં સન્તોષ ને આનન્દ મેળવવો જરૂરી છે.

Scanned by CamScanner

# જ્ઞાન ગોષ્ઠિ

**પ્ર૦ : માળા સાથેના અને માનસિક જપમાં શો ફરક?**

ઉ૦ : જપની શરૂઆત કરતી વખતે માળાની જરૂર છે. એકાગ્રતા કેળવવા, ચિત્ત ચોંટાડવા માળા ઉપકારક છે. જપની ટેવ પડી ગયા પછી માળાની જરૂર રહેતી નથી. ટેવ પડયા પછી જપ આપોઆપ થયા કરે છે. એ સ્થિતિએ ઉપાસકને પહોંચતાં વાર લાગે છે. હકીકતે માળા સાથેના અને માનસિક જપમાં ફરક કોઈ જ નથી. બન્ને રીતે જપ તો થાય જ છે.

**પ્ર૦ : આપ નિષ્કામ ભાવે, મા–બાળકનો સમ્બન્ધ કેળવી ઉપાસના કરવા કહો છો, પણ મા પાસે માગવાનો, ભગવાન પાસે માગવાનો ભક્તનો અધિકાર ખરો કે નહિ?**

ઉ૦ : હા, માગી તો શકાય. પણ અધિકાર મેળવવા તો પાત્રતા કેળવવી પડે. પાત્રતા કેળવવા માટે ઘણા બધા શિસ્ત–સંયમની જરૂર રહે છે. એટલે આપણે આપોઆપ અધિકાર મેળવીએ–પાત્રતા કેળવીએ એવો પ્રયત્ન જરૂરી છે.

વળી આપણી–બાળકની–ભક્તની માગણીમાં વજૂદ કેટલું છે, તેનું હિત કેટલું છે તે પણ મા વિચારે છે, ભગવાન હમેશાં ભક્તનું શ્રેય વિચારે છે. એટલે મા પાસે – ઈશ્વર પાસે માગવાનો બાળકનો ભક્તનો અધિકાર હોય તોય બાળકની – ભક્તની માગણીમાં વજૂદ કેટલું એ પ્રશ્ન પહેલો ઉદ્ભવે છે.

બાળકને–ભક્તને આવશ્યક વસ્તુ તો માગ્યા વિના પણ મળી જાય છે.

**પ્ર૦ : સાચું દાન કયું? દાનને પાત્ર કોણ, બ્રાહ્મણ જ કે પછી જરૂરિયાતવાળી વ્યક્તિ?**

ઉ૦ : બ્રાહ્મણને દાન આપી શકાય છે પણ જરૂરિયાતવાળી વ્યક્તિને જરૂરી ચીજો આપવાનું હું વિશેષ ઉચિત માનું છું. જરૂરિયાતવાળી વ્યક્તિને યથાશક્તિ જે તે ચીજવસ્તુ, પૈસા વગેરે આપવાથી તેનો જીવનવ્યવહાર સરળ બને છે.

પણ દાન આપતી વખતે કે આપ્યા પછી મેં દાન આપ્યું છે તે ભૂલી જવું જોઈએ. દાન આપ્યાનો અહમ્ ન આવવો જોઈએ. જમણે હાથે દાન આપો તો ડાબા હાથને પણ ખબર ન પડવી જોઈએ.

હમણાં જ એક સજ્જન મારી મુલાકાતે આવ્યા હતા. તેમણે એક ટ્રસ્ટમાં દાન આપ્યું. કંઈક વિપરીત પરિસ્થિતિ સર્જાતાં કેસ થયો. તેઓ મારી પાસે આવ્યા. મને બધી હકીકત જણાવી.

મેં તેમને કહ્યું, 'તમારે સુખી થવું હોય તો કેસ પાછો ખેંચી લો. આ બધું જ ઈશ્વરનું છે. આપણું કશું જ નથી. આ જાત પણ આપણી નથી. ઈશ્વરનું આપ્યું આપણે આપીએ છીએ. એટલે એમાં કર્તાભાવ ન આવવો જોઈએ.'

**પ્ર૦ : ભક્તિ ને સેવામાં શ્રેષ્ઠ શું?**

ઉ૦ : મારી દૃષ્ટિએ સેવા શ્રેષ્ઠ છે, પણ ભક્તિ અને સેવાની ભેદરેખા ઘણી પાતળી છે. સેવામાં ભક્તિભાવ રહેલો જ છે. સેવાભાવથી પ્રેરાઈને જ ભક્તિ કરવામાં આવે છે. ભક્તિ અને સેવા એકમેકનાં પૂરક છે.



Scanned by CamScanner

સબરી રામની સેવા કરતી હતી. રામનાં દર્શન થયા પછી શબરીએ રામ પાસે ભક્તિનું જ્ઞાન માગ્યું ને રામે નવધા ભક્તિ સમજાવી. સેવા પણ નિષ્કામ ભાવે કરવાની હોય છે. સેવાનું કાર્ય સ્વયમ્ પસન્દ કરી લેવાનું હોય છે.

એટલું જ નહિ, ગુરુના શબ્દોનું પાલન પણ એક પ્રકારની સેવા જ છે. જેમણે સેવા જ કરવી છે તેમણે ગુરુના શબ્દોનું ચુસ્ત પાલન કરવું આવશ્યક છે.

સેવાનું ક્ષેત્ર વિશાળ છે. જીવનમાં ડગલે ને પગલે સેવાની તકો પડેલી છે.

માતા–પિતા અને ગુરુની સેવા પણ શ્રેષ્ઠ છે.

સેવા કરતાં કરતાં પણ મેં આપેલ નવ સૂત્રોને ધ્યાનમાં રાખવાં જરૂરી છે અને મન, વચન ને કર્મથી પવિત્ર રહેવું જરૂરી છે.

મા–બાપના દિલને દુઃખ ન પહોંચાડવું એ તેમની મોટામાં મોટી સેવા છે.

સેવામાં માનવતાને વિસારે ન પાડવી જોઈએ.

સૌ પ્રથમ ઘરને જ મન્દિર ને સેવાતીર્થ બનાવવું જોઈએ એમ હું માનું છું.

**પ્ર૦ : સમ્પૂર્ણ શ્રદ્ધામાંથી અશ્રદ્ધા કેમ થાય છે?**

ઉ૦ : શ્રદ્ધામાં એટલી ઉણપ– એટલો અભાવ કે જેને કારણે શ્રદ્ધામાં ઓટ આવે છે. એ ન થવું જોઈએ. પરમતત્ત્વ અને ગુરુ પ્રત્યેની શ્રદ્ધામાં પ્રતિક્ષણ વૃદ્ધિ જ થવી જોઈએ. તેમ છતાં સમ્પૂર્ણ શ્રદ્ધામાં ઓટ આવે છે કે શ્રદ્ધાનો અભાવ થતો અનુભવાય ત્યારે તેમાં સ્વાર્થ ભળેલો હોય છે. મનુષ્યનો જ્યારે સ્વાર્થ સધાતો નથી ત્યારે તેને અશ્રદ્ધા થઈ જાય છે તેમ છતાં પહેલી ને છેલ્લી વાત જ એ કે મનુષ્યને જો સમ્પૂર્ણ શ્રદ્ધા હોય તો ગમે તેવા વિકટ સંજોગોમાં પણ તેમાં ઓટ નથી આવતી કે અભાવ નથી થતો. જ્યારે મનુષ્યની શ્રદ્ધા ડગી જાય તેનો અર્થ જ એ કે તેનામાં સમ્પૂર્ણ શ્રદ્ધા નથી. ઘણીવાર શ્રદ્ધાને ડગાવી દે, શ્રદ્ધામાંથી ચળાવી દે એવા વિષમ સંજોગો ઉપસ્થિત થાય છે ત્યારે શ્રદ્ધાને ટકાવી રાખવા માટે ઢીલાપોચાનું કામ નહિ. તેવા સમયમાં મનુષ્યમાં તિતિક્ષા હોવી જરૂરી છે. કારણ કે ઘણી વાર મનુષ્યની શ્રદ્ધા પર જ પ્રહાર થાય તેવા સંજોગો નિર્માણ થાય છે ને તેવા સમયમાં જો મનુષ્ય શ્રદ્ધાને સ્થિર રાખી શકે તો તે કંઈ પામી શકે છે એ નિઃશંક છે. માટે જીવનના ગમે તેવા વિષમ સંજોગોમાં પણ હિમ્મત હારશો નહિ. શ્રદ્ધાને ટકાવી રાખજો. મરણિયા થઈને પણ ઝૂમતા રહેજો. શ્રદ્ધાને વળગી રહેજો. ચોક્કસ ગમે તે સ્વરૂપે માતાજીની સહાય અવશ્ય આવી મળશે.

પ્રારબ્ધ–સંચિત્ કર્મ અનુસાર, આસપાસના વાતાવરણ, ઘરના સંસ્કાર પણ માણસની શ્રદ્ધા અશ્રદ્ધા માટે કારણભૂત બની શકે છે.

**પ્ર૦ : આપના આદેશોનું મહત્ત્વ સમજતા–જાણતા હોવા છતાં પણ ઘણીવાર અમે તેને અનુસરી શકતા નથી એનું શું કારણ?**

ઉ૦ : દરેકની ગ્રહણશક્તિ પર એનો આધાર છે. હું તો માતાજીના આદેશ–પ્રેરણા ને સંકેત અનુસાર જ જે તે વાત કરું છું. એટલે જેની જેવી જેટલી શ્રદ્ધા તેટલું તેનું ગ્રહણ વધારે.



Scanned by CamScanner

વર્ગમાં ભણાવતા શિક્ષક પ્રત્યે વિદ્યાર્થી જેટલું ધ્યાન આપે, એકાગ્રતા કેળવે અને અભ્યાસ કરે તેટલું તેને જલ્દી ને વધારે આવડે.

કર્મની છાયાને કારણે પણ ઘણીવાર મનુષ્ય ગુરુની વાણી પ્રત્યે–આદેશ પ્રત્યે દુર્લક્ષ સેવે છે.

ગુરુના શબ્દોમાં જેટલી શ્રદ્ધા તેટલું મનુષ્ય તેમનું માનવા પ્રેરાય.

**પ્ર૦ : આત્મસાક્ષાત્કાર અને પરમાત્માનો સાક્ષાત્કાર એ બેમાં શો ભેદ ?**

ઉ૦ : આત્મસાક્ષાત્કાર એટલે આત્મા દ્વારા પરમાત્મા અંગેનું પ્રાપ્ત કરેલું જ્ઞાન. આત્મિક શક્તિથી પરમાત્માને પામવો તે આત્મસાક્ષાત્કાર. આવો આત્મસાક્ષાત્કાર ભગવાન બુદ્ધે મેળવ્યો હતો. મનુષ્ય–ઉપાસક પ્રયત્નથી તે મેળવી શકે છે. ઉપાસકને સૂક્ષ્મ ઉપસ્થિતિના અનુભવો પણ થાય છે, પણ પ્રત્યક્ષ દર્શન થતાં નથી. પ્રત્યક્ષ દર્શન થવાં દુષ્કર છે.

મનુષ્યને–ઉપાસકને પોતાના ઇષ્ટના–પરમતત્ત્વના મનુષ્ય રૂપે સાક્ષાત્ સદેહે દર્શન થવાં તે પરમાત્માનો સાક્ષાત્કાર. એમાં ઉપાસક ભગવાન સાથે સ્વયમ્ પ્રત્યક્ષ વાત પણ કરી શકે છે. તેના આદેશો પણ મેળવી શકે છે. પરમતત્ત્વનો સાક્ષાત્કાર એ ઉપાસક માટે દુર્લભ અને દુષ્કર છે. કોઈક વિરલને જ એ પ્રાપ્ત થાય છે. જન્મોજન્મના પુણ્યકર્મોને અન્તે એ કોઈક વિરલ ઉપાસકને પ્રાપ્ત થાય છે.

□

Scanned by CamScanner

# અધ્યાત્મની પગદંડી

ડૉ. કાન્તિલાલ કાલાણી

વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત અને અન્ય મહાન ગ્રંથોમાંથી તેમ જ ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ પાસેથી આપણને મહાન વિચારો વારસામાં મળ્યા છે. મહાવીર વાણી કે બુદ્ધના 'ધમ્મપદ' પર દૃષ્ટિપાત કરીએ તો પણ ખ્યાલ આવી જાય છે કે એ વિચારરત્નોનો અમૂલ્ય ખજાનો છે. એ વિચારો આપણને ખૂબ ગમે છે. આપણે આ મહાન વિચારોને હોંશેહોંશે વાંચીએ છીએ અથવા સાંભળીએ છીએ. થોડા દિવસ આપણો જુસ્સો ટકી રહે છે પછી હતા એના એ, એમ તો નહીં કહું પણ સંજોગોને વશ થઈ લગભગ મૂળ સ્થિતિમાં પહોંચી જઈએ છીએ.

આપણે ગ્રંથો વાંચીએ છીએ એટલે આધ્યાત્મિક માર્ગે ચાલીએ છીએ અથવા આધ્યાત્મિકતાની આપણે વાટ પકડી છે એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. ઘાંચીની ઘાણીનો બળદ પણ આખો દિવસ ચાલે છે તો આપણે એને લક્ષ્યમાર્ગે ચાલી રહ્યો છે એમ કહીશું? બળદ આખો દિવસ ચાલીને છેવટે ક્યાં પહોંચે છે? એની પાસે કોઈ લક્ષ્ય છે ખરું? ના, લક્ષ્ય ઘાંચી પાસે છે. તે તલ કે મગફળી પીલવા માગે છે. સાંજ પડે તે પોતાનું કાર્ય કરી લે છે, પણ લાંબા પ્રવાસ પછી બળદ તો હતો ત્યાંનો ત્યાં જ રહે છે.

એમ આપણાં વર્ષોનાં વર્ષો પાનખર ઋતુમાં પાન ખરે, તેમ એક પછી એક ખરવા માંડે છે. જોતજોતામાં ચાલીસ, પચાસ, સાઠ એમ તારીખિયાનાં વર્ષો પૂરાં થઈ જાય છે. આયુષ્યને છેડે આપણે લક્ષ્ય સિદ્ધ કર્યું હોય છે ખરું? ઊંડું આત્મનિરીક્ષણ કરીશું અને ખ્યાલમાં આવશે કે આપણા સ્વભાવમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. યુવાનીમાં જે વૃત્તિઓ મોટી ઉંમરને કારણે કદાચ એટલી કૂદતી નહીં હોય પણ બધી અકબંધ હોય છે. મોકો મળતાં બધી વૃત્તિઓ સળવળી ઊઠે છે.

જીવનભર આપણે અસંખ્ય વૃત્તિઓનો ભાર ઊંચકીને ફરીએ છીએ. બોધપાઠ મળવા છતાં આપણે એમાં ઘટાડો કરવાને બદલે વૃદ્ધિ કરતાં જઈએ છીએ. આશા, આકાંક્ષા, ધારણા, અપેક્ષા, અસંતોષ, પરિગ્રહ, કામ–ક્રોધ–લોભ–મોહાદિની ગાંસડી દિનપ્રતિદિન મોટી થતી જાય છે. છતાં આપણે સાવધાન થતાં નથી. પરિણામે મૃત્યુની ક્ષણો સમીપ આવે ત્યારે આપણે એના બોજા નીચે એટલા બધા દબાઈ ગયા હોઈએ છીએ કે છેલ્લી ક્ષણે બેભાન બની જઈએ છીએ.

પૃથ્વી પરનો આપણો અનુભવ છે કે વસ્તુ જેટલી વધુ વજનદાર તેટલી તે પૃથ્વી પર જલદી પાછી ફેંકાય છે. આપણે અમુક ઊંચાઈએથી એક પીંછું હવામાં છોડીએ અને બે પાંચ કિલોગ્રામનું વજન છોડીએ તો વજનદાર વસ્તુ પૃથ્વી પર પહેલી પટકાય છે, તેમ વિવિધ વૃત્તિઓનું અને સકામ કર્મનું જેટલું જોરદાર અને વજનદાર ભારણ વધાર્યું હશે એટલા વહેલા સંસારચક્રમાં પાછા આવવાના.

અમદાવાદના યોગી માણેકનાથ દિવસે શેતરંજી ગૂંથતા એટલે અમદાવાદનો કોટ ચણાતો અને રાત્રે શેતરંજીની ચીપો છૂટી પાડતા એટલે કોટ પડવા માંડતો, એવી વાત મેં એક સ્નેહીજન પાસેથી સાંભળેલી. યોગી માણેકનાથનો આવી ક્રિયા પાછળ શો હેતુ હશે તે હું જાણતો નથી, પણ એમાંથી એક સંકેત મળે છે કે બાંધવું અને છોડવું એ મનુષ્યની પ્રવૃત્તિ રહી છે. પરિણામે આપણી મોટા-



Scanned by CamScanner

ભાગની શક્તિ આવી ચડઉતરમાં જ વપરાઈ જાય છે. વસ્તુના મર્મને પકડીને આપણે નિરંતર વિકાસ કરી શકતા નથી.

જીવનને સમજવાનો જેમને થોડો ઘણો લાભ મળ્યો છે અથવા સદ્‌ગ્રંથોનું સેવન કરવાની તક મળી છે કે કથાવાર્તાનું શ્રવણ કરવાનો મોકો મળ્યો છે તેમણે જાત વિશે એટલી તો તપાસ કરવી જોઈએ કે શુભ વિચારોનો સમાગમ થયા પછી પણ સ્વભાવમાં કોઈ પરિવર્તન આવ્યું છે કે નહીં અથવા સ્વભાવ માટે પોતે ખરેખર કેટલો પુરુષાર્થ કર્યો છે! એટલું તો અથડાવું જોઈએ ને પારકી વિચાર-મૂડીએ આપણે અંદરથી કેટલા સમૃદ્ધ થઈ શકીશું? માત્ર વાચન કે શ્રવણ કરવાથી કેટલું સિદ્ધ થશે? જાત પ્રત્યે સત્યનિષ્ઠ હોઈશું તો ખ્યાલ આવશે કે સમજી–વિચારીને, પુરુષાર્થ કરીને કે તપ સાધના કરીને અથવા પ્રમાદને ભોંયમાં ભંડારીને આપણે કશું હાંસલ કર્યું નથી. એટલે વિપરીત સંયોગો આવતાં કહેવાતું જ્ઞાન અલોપ થઈ જાય છે અને આપણે લાચારીનો અનુભવ કરીએ છીએ.

સ્વબળ વિના અને પરમતત્ત્વમાં અખૂટ શ્રદ્ધા વિના પાતાળ–પાયા નાખી શકાતા નથી. સ્વબળ ઊભું કરવા પરમતત્ત્વમાં અખૂટ શ્રદ્ધા નિર્માણ કરવા સત્સંગ અનિવાર્ય છે. હા, સત્સંગની પૂર્તિ દુર્લભ છે, પણ અશક્ય નથી. જે એને માટે નિરંતર ઝંખે છે અને એ દિશામાં યોગ્ય પુરુષાર્થ કરે છે તેને સત્સંગ પ્રાપ્ત થાય છે.

પરમ સત્યને પામવું છે એવી અદમ્ય તાલાવેલી જન્મે છે ત્યારે સત્સંગનો અવસર પ્રાપ્ત થયા વિના રહેતો નથી. પણ એમાં એટલું ધ્યાન રાખવાનું કે જ્યાં સુધી એની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી થાકવાનું, નિરાશ થવાનું કે હારવાનું નહીં.

કુદરત તરફ દૃષ્ટિ કરીશું તો આપણને આ બાબતની હિંમત આવ્યા વિના રહેશે નહીં. જેને ખરી તરસ લાગી હોય છે તેને ક્યાંકથી ને ક્યાંકથી પાણી મળી રહે છે. પ્રાણીમાત્ર માટે સર્જનહારે કેવી અદ્‌ભુત રચના કરી રાખી છે! પ્રાણીમાં ભૂખ મૂકી તે પહેલાં તેણે સૃષ્ટિમાં ખોરાક તૈયાર કરી રાખ્યો! તરસ મૂકી તે પહેલાં જળાશય નિર્માણ કરી રાખ્યાં! બાળક જન્મે તે પહેલાં માતાના સ્તનમાં દૂધ તૈયાર કરી રાખ્યું! એમ આપણી પારાવાર નિષ્ઠા હશે તો વહેલો મોડો સત્સંગ પ્રાપ્ત થયા વિના રહેવાનો નહીં. એટલે શ્રદ્ધા રાખવી, ઉત્સાહ ટકાવી રાખવો અને ધીરજ જાળવી રાખવી અતિ જરૂરી છે.

ક્યારેક જીવંત વ્યક્તિ ન મળે તો એમની શબ્દબદ્ધ વાણીનો સંગ મળી રહે છે. પણ એ સંગ ઉપરછલ્લો ન હોવો જોઈએ. જેમ કોઈ વ્યક્તિની સાથે આપણને તાદાત્મ્ય સાધીએ છીએ ત્યારે તે એનું હૃદય આપણી આગળ યથા સમયે ખોલે છે. તેમ આપણે મહાપુરુષોની વાણી સાથે એકરસ થવું જોઈએ. એટલે કે મહાપુરુષને વાણી ઉચ્ચારતાં જે આનંદ થતો હોય તેવો આનંદ આપણને થવો જોઈએ. આપણને સંવેદનશીલતા, જાગૃતિ, વિચારના મૂળમાં જવાની તીવ્રતા અને વિચારને આચરણની કસોટીએ ચડાવવાની તાલાવેલી હશે તો જ એ શક્ય બનશે. નહીંતર આપણે વ્યક્તિ કે ગ્રંથના સમાગમમાં હોઈશું ત્યાં સુધી આપણો આનંદ ટકી રહેશે. પછી હતા તેવા ને તેવા.

આવું કારણ શોધીશું તો ખ્યાલ આવશે કે આપણે વિચારને ઉપર ઉપરથી સમજીએ છીએ. એના મૂળ સુધી પહોંચતા નથી. શબ્દથી એટલા પ્રભાવિત થઈ જઈએ છીએ કે એની પાછળ વ્યક્તિનું જે આચરણ બળ પડ્યું છે તેના પ્રત્યે આપણું ધ્યાન જતું નથી. તેની આંતરિક સ્થિતિ કેવા પ્રકારની



Scanned by CamScanner

હશે તેની થોડી ઘણી પ્રતીતિ થતી નથી. ટૂંકમાં કોઈ પણ મહાન વિચાર સાથે પૂરેપૂરું તાદાત્મ્ય સાધવું હોય તો આપણે એ વિચારના સર્જકની માનસિક સ્થિતિએ પહોંચવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવો જોઈએ. આ પ્રયાસ એ જ સાધના છે. આપણે ભગવદ્‌ગીતા, ધમ્મપદ વગેરે ગ્રન્થોના મુખપાઠ કરી લઈએ તેથી આપણું કલ્યાણ થઈ જતું નથી.

ઉદાહરણ તરીકે નવકારનો પ્રથમ મંત્ર જોઈએ: "ૐ નમો અરિહન્તાણં" અરિહન્તોને નમસ્કાર. આ મંત્ર આપણે ઘણા વખતથી કહેતા આવ્યા છીએ. એનું રટણ થતું હોય ત્યારે શાંતિ અને આનંદ મળે એવું બને છે. પણ આપણા સ્વભાવમાં ફેરફાર થાય છે ખરો? અરિહન્તોને નમસ્કાર કર્યા એટલે આપણું કાર્ય પૂરું થઈ ગયું એમ આપણે મનને મનાવી લઈએ છીએ. જીવનભર આપણે આ રીતે મનને મનાવતા રહીએ છીએ.

જે ભાઈ–બહેનો આ મંત્રનો જાપ કરતા હોય તેમણે પોતાની જાત તપાસી જવી જોઈએ. આ મંત્ર જપવાથી જેમના સ્વભાવમાં અને જીવનશૈલીમાં ફેરફાર થયો છે તેમને માટે કાંઈ કહેવાનું નથી. પણ આ મંત્રનું નિયમિત રટણ કરવા છતાં જેમનામાં કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર જેવી વૃત્તિઓ સક્રિય રહે છે તેમણે તો વિચાર કરવો જોઈએ ને કે પોતે જેમને પ્રણામ કરે છે તે અરિહન્તોએ આ બધી વૃત્તિઓ પર સંપૂર્ણપણે અંકુશ મેળવ્યો હતો. મેં આ ષડ્‌રિપુઓ માટે શું કર્યું? મારામાંથી કામ ગયો? ક્રોધ ગયો? લોભ ગયો? મોહ ગયો? હું આ બધાને મારામાં સાચવીને બેઠો છું. આ બધી વૃત્તિઓ એમની ઇચ્છા પ્રમાણે પ્રગટ થાય છે. એમના પર અંકુશ મેળવવા હું કાંઈ કરતો નથી અને બીજી બાજુ જેમણે આ વૃત્તિઓ પર સંપૂર્ણ વિજય મેળવ્યો છે તેમને નમસ્કાર કર્યા કરું છું! આવા છેતરામણા નમસ્કારનો શો અર્થ? અરિહન્તોની જેમ મારે શા માટે ષડ્‌રિપુઓ પર વિજય મેળવવા પ્રયાસ ન કરવો? એટલે કે મહાપુરુષોની વાણી મારા રોજબરોજના જીવન સાથે જોડાય તે માટે મારે જાગૃતિ ન રાખવી? આપણે મંત્રજાપ શા માટે કરીએ છીએ? મંત્રના દાતા જે આધ્યાત્મિક સ્થિતિએ પહોંચ્યા છે તે સ્થિતિએ પહોંચવા માટે એમ હું સમજું છું. એ સ્થિતિ આપણે હાંસલ કરવી હોય તો મંત્રના મૂળમાં જવું જોઈએ. જે અરિહન્તોએ કામ, ક્રોધ, લોભ, મોહ આદિ વૃત્તિઓને વશ કરી તે વૃત્તિઓને યથાતથ સમજી લેવી અને પછી એ વૃત્તિઓ આપણો ઉપયોગ ન કરે પણ આપણે તે વૃત્તિઓનો ઉપયોગ કરીએ એવી સ્થિતિએ પહોંચવું એ અરિહન્તોની સાચી ઉપાસના છે અને એમ કરીએ તો જ આપણા નમસ્કાર એમને પહોંચે.

આપણી જીભ હાલે છે અને હોઠ ફફડે છે છતાં આપણી અંદર કોઈ પરિવર્તન થતું નથી તેની આપણે ક્યારેય ચિંતા કરી છે ખરી? આપણે ઠેરના ઠેર છીએ તો પણ એમ માની બેઠા છીએ કે આપણે ધર્મને સમજ્યા છીએ, અધ્યાત્મ શું છે તેની આપણને જાણ છે. પણ આ તો મન મનાવવા લાડુ નિર્માણ કર્યા હોય તેના જેવું છે. મન દ્વારા તૈયાર થયેલા લાડુથી આપણું પેટ ભરાતું નથી તેમ શાસ્ત્રોનો પાઠ કર્યે આપણા સ્વભાવમાં પરિવર્તન થઈ જતું નથી. વિચાર એ માત્ર બીજ છે. તે આચારમાં ઊતરે છે ત્યારે જ તેમાંથી ઘટાદાર જીવનવૃક્ષનો જન્મ થાય છે.

□



Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....

એક દિવસ ગુરુદેવના સાન્નિધ્યમાં કેટલાંક યુવાન ભાઈ-બહેનો આવીને બેઠાં હતાં. ગુરુદેવ સાથે આધ્યાત્મિકતા-ઉપાસના અંગે વાતો થઈ રહી હતી. ચાલી રહેલી વાતોના સન્દર્ભમાં એક પ્રસંગ વર્ણવી સમસ્ત આધ્યાત્મિકતા-ઉપાસનાનો સાર-ઉપસંહાર તારવી બતાવ્યો હતો.


ગુરુદેવે પ્રસંગ વર્ણવતાં જણાવ્યું હતું :

થોડા દિવસ પર એક યુવાન કોઈ સન્ત-સ્વામીનું પ્રવચન સાંભળીને મારી પાસે આવ્યો હતો. યુવાને એકદમ ઉત્સાહથી પોતાનો અભિપ્રાય દર્શાવતાં જણાવ્યુ : 'મહારાજે ખૂબ સરસ ભાષણ કર્યું.'

'ભાષણમાં મહારાજે શું કહ્યું ?' મેં પ્રશ્ન પૂછ્યો.

'ખૂબ સરસ વાતો કરી.' યુવાને જણાવ્યું.

'એમાંથી તું શું શીખ્યો ?' મેં બીજો પ્રશ્ન પૂછ્યો.





Scanned by CamScanner

'કંઈ નહિ.' તેણે જવાબ આપ્યો.

'મહારાજે કયા વિષય પર ભાષણ આપ્યું ?' મેં તેને ફરી પ્રશ્ન પૂછ્યો.

'એ તો હું ભૂલી ગયો.' તેણે જવાબ આપ્યો.

મેં તેને પૂછ્યું, 'મેં તને ગાયત્રી–મંત્રની ત્રણ માળા કરવા કહ્યું છે તે તો તને યાદ છે કે ભૂલી ગયો છે ?'

'હા, એ તો યાદ છે.' યુવાને જણાવ્યું.

'તું માળા કરે છે ?' મેં તેને પૂછ્યું.

'હા, કરું છું.' તેણે જવાબ આપ્યો.

'બસ, એટલું જ જરૂરી છે, સમજ્યો ! ભાષણ કરવું સરળ છે, સાંભળવામાં એ સારું લાગે છે. દરેક સન્તો સોના જેવી પવિત્ર, સાચ્ચી અને નગદ નાણાં જેવી વાતો કરે છે, પણ એમાંથી આપણે કેટલું જીવનમાં ઉતારીએ છીએ તે મહત્ત્વનું છે. કોઈ પણ સન્તનાં પ્રવચનો–કથાઓનો સાર એક જ છે, બસ, પરમતત્ત્વમાં શ્રદ્ધા રાખો, વિશ્વાસ રાખો, મન વચન કે કર્મથી પવિત્ર રહો, ભગવાનની–ઇષ્ટની ભક્તિ કરો. એ જ મનુષ્ય માટે શ્રેયસ્કર છે.

સન્તોના કથા–પ્રવચનોના શ્રવણથી સત્સંગ અવશ્ય થાય છે. પણ એ સત્સંગનો સાર ગ્રહણ કરી જીવનમાં ન ઊતારીએ તો એ સમય વ્યર્થ જ ગયો સમજતો.

ભાઈ ! સર્વ શાસ્ત્રોનો સઘળો સાર મારી દૃષ્ટિએ એટલો જ છે કે નિરંતર સમ્પૂર્ણ શ્રદ્ધાપૂર્વક, શરણાગતિથી મા–બાળકનો સંબંધ કેળવી નિષ્કામ ભાવે તમારા ઇષ્ટની ઉપાસના કરો અથવા દરરોજ ત્રિપદા ગાયત્રી મહામંત્રની ત્રણ માળા કરો. મેં આપેલાં નવ સૂત્રોને જીવનમાં ઉતારવાનો–આત્મસાત કરવાનો પ્રયાસ કરો અને ષડ્‌રિપુઓથી સાવધ અને સજાગ રહી જીવનમાં ડગ માંડો. બસ આટલું જ કરશો તો ચોક્કસ માતાજીની કૃપા તમે પ્રાપ્ત કરી શકશો...'

પેલો યુવાન એકચિત્તે ગુરુદેવની વાત સાંભળી રહ્યો હતો. અને ઉપસ્થિત અને સજ્જનો પણ તેમની વાત સાંભળવામાં લીન બની ગયા હતા.

મિતભાષી શાસ્ત્રીજી પ્રસંગોપાત્ત જ્યારે આધ્યાત્મિકતા–ઉપાસના–જીવન–સંસાર અને જગત પ્રત્યે પોતાનું અનુભવજનિત દર્શન વ્યક્ત કરે છે ત્યારે તે આત્માને ઊંડા ચિરંજીવ સુખની અનુભૂતિ અવશ્ય કરાવે છે.

ઉપાસનાના એક માત્ર પ્રથમ અને અન્તિમ સત્યને અમે સૌ વાગોળી રહ્યા હતાં ત્યાં જ એક ભાઈએ કુટિરમાં પ્રવેશ કર્યો. ગુરુદેવનાં ચરણોમાં પ્રણામ કરી તેમણે તેમની બેઠક લીધી. ગુરુદેવે સસ્મિત સ્વયમ્ સામે ચાલી પ્રેમપૂર્વક તેમની ખબર પૂછી.

'આપના આશીર્વાદ અને માતાજીની કૃપાથી સૌ કુશળ છીએ. ઘરનાં સર્વેએ આપને પ્રણામ પાઠવ્યા છે.' પેલા આગન્તુકે વિનમ્રતાથી બે હાથ જોડી જવાબ વાળ્યો.

ગુરુદેવે ફરી સસ્મિત વદને આશિષની મુદ્રામાં હાથ ઊંચો કરી આશીર્વાદ આપ્યા.

વાતનું અનુસન્ધાન સાધતાં ગુરુદેવે જણાવ્યું કે, 'માણસમાં કશુંક પણ કરવાની ધગશ હોય તો અને પરમતત્ત્વમાં–પોતાના ઇષ્ટમાં તેને સંપૂર્ણ શ્રદ્ધા હોય તો ગમે તેવી કઠણાઈઓમાં પણ તેનું



Scanned by CamScanner

કાર્ય સરળતાથી પાર પડે છે. માત્ર માતાજીની કૃપા અને પ્રેરણાના સહારે જીવનમાં નાનાં મોટાં સાચાં કાર્યો કરવાની ખેવના હોવી જોઈએ. તત્પરતા હોવી જોઈએ. સફળતા માતાજીના હાથમાં છે...'

પેલા આગન્તુક તરફ નિર્દેશ કરી ગુરુદેવે જણાવ્યું કે, 'જગદીશભાઈએ તો માતાજીની કૃપાથી બી. એ.ની ડીગ્રી મેળવી છે.'

ઉપસ્થિત સૌની નજર ગુરુદેવનિર્દિષ્ટ શ્રી જગદીશભાઈ તરફ મંડાઈ. એક ભાઈએ તે અંગે જગદીશભાઈને પોતાનો અનુભવ વર્ણવવા જણાવ્યું. જગદીશભાઈએ પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું,

"એક દિવસ 'નીલોષા' પર ગુરુદેવને મેં પૂછ્યું : 'પોલામાં સૌ કોઈ રાગ વગાડે, સાંબેલામાં રાગ વાગશે?'

'કેમ નહિ વાગે? વાગશે. એ માટે તો માતાજી બેઠાં છે. બોલો શું કામ છે?' ગુરુદેવે મક્કમતાથી જવાબ આપ્યો.

'હું એસ. એસ. સી. ભણેલો ડ્રોઈંગ પી. ટી. ટિચર છું. 'મારે આગળ ભણવું છે.' મેં કહ્યું.

'વિદ્યા માટે તો ગાયત્રી મંત્ર જપ કરવાના છે.' ગુરુદેવે કહ્યું.

ગુરુદેવના આશીર્વાદથી મેં ભણવાનું ચાલુ કર્યું. તેમના કહેવા મુજબ નિયમિત મંત્રજપ પણ કરતો. નોકરી સાથે, માત્ર એક એક કલાકના વાચનથી જ એક્સ્ટર્નલ સ્ટુડન્ટ તરીકે મેં પરીક્ષાઓ આપી. હું નિયમિત કોલેજ પણ જતો નહિ. પરીક્ષા વખતે જ જતો. પરન્તુ માતાજીની કૃપા અને ગુરુદેવના આશીર્વાદથી એક વાર વાંચતો ને મને બધું યાદ રહી જતું. પરીક્ષાનાં પેપરો તપાસતાં પ્રોફેસરો પૂછતા કે કયા ભેજામાંથી કાઢો છો?

'આ બધું માતાજીના ભેજામાંથી નીકળે છે.' હું જવાબ આપતો.

બોરસદથી ધાના ગામ સુધી હું નોકરી માટે દરરોજ અપડાઉન કરતો. તેથી મને વાંચવાનો જરા પણ સમય મળતો નહિ.

બી. એ.માં બે પેપરમાં મને ઘણી બીક હતી. મારો વીલપાવર–દૃઢ ઇચ્છાશક્તિ–મનોબળ ડગી ગયાં હતાં. મને આશા નહોતી કે હું પાસ થઈશ. પણ માતાજીની કૃપા અને ગુરુદેવના આશીર્વાદથી બધું પાર પડ્યું. નિયમિત કોલેજ જતાં વિદ્યાર્થીઓને જે પેપરો અઘરાં લાગે તે પેપરો મને સહેલાં લાગતાં.

હું છેલ્લાં આઠ–દસ વર્ષથી ગુરુદેવના સમ્પર્કમાં છું. વિદ્યાપ્રાપ્તિ માટે ગુરુદેવ પાસે આવ્યો હતો. એમાં હું સફળ થયો.

જેમને ભણવાની ધગશ છે તેઓને હું ગુરુદેવ પાસે આવવાનું સૂચન કરું છું. પણ શરત એટલી કે તેઓ જે કહે તે પ્રમાણે કરવું પડે.

મારી એક દીકરી ભણવામાં હોશિયાર હતી, બારમા ધોરણમાં કોમર્સમાં અભ્યાસ કરતી હતી. તેને વિશ્વાસ હતો, પણ ગુરુદેવના આશીર્વાદ ન લીધા તેથી નાપાસ થઈ. મારી બીજી દીકરી ભણવામાં થોડી ઓછી હોશિયાર, પણ વાર્ષિક પરીક્ષાનું ફોર્મ ભરતાં પહેલાં તેણે ગુરુદેવના આશીર્વાદ લીધા હતા આથી તે પાસ થઈ.

આખરે આ તો શ્રદ્ધાની વાત છે."



Scanned by CamScanner

ગુરુદેવે વાતને વચ્ચેથી અટકાવી કહ્યું : 'ભાઈ! માત્ર આશીર્વાદ લેવા મારી પાસે આવવું અનિવાર્ય નથી. મારી પાસે કોઈ આવે કે ન આવે, મારા આશીર્વાદ મને યાદ કરનાર વ્યક્તિ દુનિયાના ગમે તે ઠેકાણે હશે તો પણ મળી જશે. જગતનાં પ્રાણી માત્રના શ્રેય માટે માતાજીને મારી પ્રાર્થના છે.'

'આપના આશીર્વાદ લેવાથી-આપની સંમતિથી, આપના માર્ગદર્શન-સૂચન પ્રમાણે કાર્ય કરવાથી અમારાં તમામ કાર્યો સરળ બની જાય છે. અમારામાં દૃઢ આત્મબળ જાગે છે, અમને એક સધિયારો મળે છે. શ્રદ્ધા-વિશ્વાસ જાગે છે, પ્રેરણા મળે છે જેથી અમારો સમગ્ર કાર્યપથ ઉજ્જવળ બની ઊઠે છે ને અમે આગળ વધતા રહીએ છીએ. અમારા સંતોષ ખાતર આપના આશીર્વાદ અમારે માટે જરૂરી છે.' પેલા ભાઈએ વિનમ્રપણે જણાવ્યું.

મારાં સગાં-સંબંધી-સ્નેહીઓ-મિત્રો, જેઓ ગુરુદેવથી અપરિચિત છે તેઓને હું ગુરુદેવનો સમ્પર્ક સાધવા જણાવું છું. તેઓનાં કાર્યો ગુરુદેવના આશીર્વાદ અને માર્ગદર્શનથી સફળ થાય છે એમ પેલા ભાઈએ જણાવ્યું હતું.

આ વાતના અનુસન્ધાનમાં આ ભાઈએ એક અન્ય પ્રસંગ વર્ણવતાં જણાવ્યું હતું કે,

એક ભાઈના ૮૦,૦૦૦ રૂપિયા સલવાઈ ગયા હતા. બેન્કની લોન લેવા જતાં મારે તેઓની સાથે પરિચય થયો હતો. તેમણે વાતમાં ને વાતમાં મને આ હકીકત જણાવી. તેમણે ઘણાને આ અંગે વાત કરી, પણ કોઈ તેમનો પ્રશ્ન ઉકેલી શક્યું નહિ. મેં તેમને ગુરુદેવનો સમ્પર્ક સાધવા જણાવ્યું. તેઓ આમે ગાયત્રીના ઉપાસક તો હતા જ. મારા કહેવાથી તેમણે ગુરુદેવનો સમ્પર્ક સાધ્યો. ગુરુદેવે તેમને હંમેશાની તેમની પ્રણાલી મુજબ ગાયત્રી મંત્રની માળા કરવા સૂચન કર્યું. વધુમાં ગુરુદેવે જણાવ્યું : 'માતાજીમાં શ્રદ્ધા રાખો. તમારું કામ થઈ જશે ...'

આ અંગે કેસ ચાલતો હતો. છ જ મહિનામાં તેઓ કેસ જીતી ગયા. એટલું જ નહિ, વકીલનો ખર્ચ અને વ્યાજ સહિત નાણાં પાછા મળ્યા.

આવી કંઈ કેટલીયે અલકમલકની વાતો કરી છૂટાં પડયાં ત્યારે અસ્તિત્વ કંઈક નવી જ શ્રદ્ધાનો અનુભવ કરતું હતું.

Scanned by CamScanner

## ત્રિપદા ગાયત્રી

ગાયત્રી એટલે પરબ્રહ્મની સર્વવ્યાપી શક્તિ જે સર્વત્ર ગમન કરે છે અને ક્રિયા માત્ર છે, તેને જે નિયમનમાં રાખે તે ગાયત્રી.

**ગા – સર્વગામિની શક્તિ**
**યત્રી – નિયમન કરનાર.**

ગકારો ગતિદઃ પ્રોક્ત અકારો વિષ્ણુ સ્વયમ્ ।
ત્રત્રાતા ચ તથા વિદ્ધિ ઇકાર ઈશ્વરઃ સ્વયમ્ ॥

**ગ – ગતિ આપનાર, અ – વિષ્ણુનું પરમપદ; ત્ર – રક્ષણ કરનાર;**

**ઈ – સાક્ષાત્ ઈશ્વર, પરબ્રહ્મમાં ગતિ કરાવે છે. ગતિ કરી રક્ષણ કરે છે તે ગાયત્રી કહેવાય.**

ત્રણ ૐ વાળા ગાયત્રી મન્ત્રને ત્રિપદા ગાયત્રી મન્ત્ર કહે છે. ગાયત્રી મન્ત્રની શરૂઆતમાં પ્રણવ (ૐ) મધ્યમાં પ્રણવ (ૐ) અને અંતમાં પ્રણવ (ૐ) આવે તેને ત્રિપદા ગાયત્રી મન્ત્ર કહે છે.

માતાજીના આદેશથી ત્રિપદા ગાયત્રી મહામંત્રનો જપ કરવો જરૂરી છે.

## મન્ત્રોચ્ચારનું મહત્ત્વ

આખા ગાયત્રી–મન્ત્રનો ઉચ્ચાર કરી તેના જપ કરવા જરૂરી છે. ગાયત્રી–મન્ત્ર એ કક્કો–બારાખડીના અક્ષરોની જ રચના છે, તેથી તે ન આવડતો હોય તો પણ શીખી લેવો જરૂરી છે. માત્ર જય ગાયત્રી મા, જય ગાયત્રી મા બોલ્યા કરવાથી મન્ત્રોચ્ચારથી પેદા થતી શક્તિનાં આંદોલનો ઉદ્ભવતા નથી. ગાયત્રી–મન્ત્રમાં ચોવીસ અક્ષરો રહેલા છે. એ ચોવીસે ચોવીસ અક્ષરોનું ચોક્કસ સ્થાન નિર્માણ થયું છે. જ્યારે મન્ત્ર બોલાય છે ત્યારે ત્યારે તેનો પ્રત્યેક અક્ષર તેના નિર્મિત સ્થાન સાથે અથડાય છે અને આંદોલનો ઉત્પન્ન કરે છે. ગાયત્રી મન્ત્રના શબ્દોની ક્રમબદ્ધ ગૂંથણી એ એની આગવી વિશિષ્ટતા છે. જેને કારણે એક અદ્ભુત શક્તિનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. ગાયત્રી–મન્ત્રના ઉચ્ચારથી શરીર અને મનમાં તેમ જ સમસ્ત અસ્તિત્વમાં એક પ્રકારની સાત્ત્વિકતા ને પવિત્રતાનો આવિર્ભાવ થાય છે. આજુબાજુના વાતાવરણમાં એનો પ્રભાવ પથરાય છે. ગાયત્રી મન્ત્રના ઉચ્ચારથી અલૌકિક શક્તિનો સંચાર થાય છે, જેથી ચિત્ત અને મન શાંતિ ને સ્વસ્થતાનો પણ અનુભવ કરે છે. એ શક્તિના પ્રવાહથી રોગીના શરીરમાં રોગ પ્રતિકાર–શક્તિ ઉદ્ભવીને પ્રબળ બને છે. સતત મંત્રજપથી મનુષ્યનાં અસત્ કર્મો નાશ પામે છે ને સત્કર્મોનો ઉદય થાય છે, તેમાં વૃદ્ધિ થાય છે. આથી ગાયત્રી મન્ત્ર આખો બોલવો જરૂરી છે.

## ત્રણ માળા શા માટે ?

દરરોજ ત્રણ માળાનો ક્રમ અનિવાર્યપણે રાખવો જરૂરી છે. કારણ કે કોઈ પણ પ્રવૃત્તિને સઘન અને સફળ બનાવવા માટે પાયાની વસ્તુઓ–બાબતો નક્કર હોવી જોઈએ. એ પ્રવૃત્તિ નિયમિત ને સતત



Scanned by CamScanner

થવી જોઈએ. નિયમિતતા ને સાતત્યને કારણે પછી એની ટેવ પડી જાય છે. સારી પ્રવૃત્તિઓ ટેવ રૂપે આપણામાં ઊતરી જાય ત્યારે એને આધારે આપણે જીવનમાં ઘણી સારી સફળતા મેળવી શકીએ છીએ ને જીવન કંઈક ઓર જ પ્રગતિ કરી રહે છે.

ઉપાસનાની પ્રવૃત્તિનું પણ એવું જ છે. માતાજીની શરણાગતિના પ્રથમ પગથિયે પગ મૂકતો માનવી, અસંખ્ય પગથિયાને અન્તે ઉત્તુંગ શિખરે બિરાજેલ માતાજી સમીપ-ઈષ્ટ સમક્ષ કેવી રીતે પહોંચી શકાશે તેની બહુ મોટી વિમાસણ અનુભવે છે. એ વિમાસણ કંઈ તત્કાળ અન્ત પામે તેવી હોતી જ નથી. એ માટે તો પુરુષાર્થ કરવો પડે છે. એવી વિમાસણ અનુભવતો માનવી ક્રમશઃ જ આગળ વધી શકે છે.

જેઓ ઉપાસનાના એકડાની શરૂઆત કરી રહ્યા છે તેઓને ચિત્તની એકાગ્રતાની તો મુશ્કેલી નડે જ છે. જપનો લય પણ એકદમ સિદ્ધ ન થઈ શકે. જીવનના ગમે તે તબક્કે ઇષ્ટને કે માતાજીને અભિમુખ બની શરણાગતિના, શ્રદ્ધાના ભાવને તત્કાળ તો પ્રબળ ન જ બનાવી શકે. માતાજી પ્રત્યેની અભિમુખતામાં સતત ભરતી આણવા, શ્રદ્ધા ને શરણાગતિના ભાવને પ્રબળ બનાવવા ઉપાસનાના એકડાને ઘૂંટવા, જપની ટેવ પાડવા માટે, જપની પ્રવૃત્તિને સઘન ને સફળ બનાવવા સાતત્ય ને નિયમિતતા જરૂરી છે. દરરોજ ત્રણ માળા કરવાની ટેવ પાડવાથી ઉપાસનામાં સાતત્ય ને નિયમિતતા આવી શકશે અને સાતત્ય ને નિયમિતતાને કારણે ટેવ પડશે. બન્ને વસ્તુ જરૂરી છે. દરરોજ ત્રણ માળા નિયમિત કરવાથી ઉપાસનામાં એક વિલક્ષણ રસ ને રુચિ પેદા થશે. માતાજીની કૃપાના અનેકવિધ અનુભવો થશે તેથી કરીને તેને આશ્રયે વધુ ને વધુ નિશ્ચિંત થવા પ્રયત્ન કરશો.

સાવ ઓછા સમયમાં મનની એકાગ્રતા સધાવી કે ચિત્તની શુદ્ધિ થવી દુષ્કર છે એટલે ત્રણ માળાનો ક્રમ તો રાખવો જ. મન ફાવે તેમ મંત્રજપ કરવાથી નુકસાન તો નથી જ, લાભ તો છે જ, પન્તુ અવ્યવસ્થિત આયોજનથી જેમ કોઈ નક્કર સંગીન લાભ હાંસલ થતા નથી તેમ અવ્યવસ્થિત ઉપાસનાનો પણ ખાસ ફળલાભ નથી. મન્ત્રની મહાન શક્તિ વિશે તો બેમત છે જ નહિ, પણ સવાલ આપણી પોતાની શરણાગતિનો છે. સમ્પૂર્ણ પ્રપત્તિભાવને હું સૌથી મોટી જરૂરિયાત આપણા પક્ષે સમજું છું. ગાયત્રીની કૃપા યાચનારે, પોતાના કોઈ પણ ઇષ્ટ દેવ–દેવીની કૃપા મેળવવા ઉપાસકે–મનુષ્યે આ શરણાગતિ ભાવને સિદ્ધ કરવા મથવું એટલી મારી નમ્ર વિનંતી છે.

## સાચું પૂજન

ઉપાસનામાં સામાન્ય રીતે દેવની મૂર્તિ કે છબીને સ્નાન કરાવવું, કુમકુમનું તિલક કરવું, ચોખા ચઢાવવા કે પુષ્પમાળા કે પુષ્પો અર્પવાં એ એક ચીલાચાલુ રીત છે. પરમ્પરાગત પૂજા છે. એમાં આમ તો કશું અનુચિત નથી. પરન્તુ દેવની મૂર્તિને સ્નાન કરાવતી વેળા અંતરમાં પ્રભુના સાક્ષાત્ હોવાનો જે ભાવ ઉદ્‌ભવવો જોઈએ, અન્તરમાં જે પ્રેમ પ્રગટ થવો જોઈએ તે નથી થતો ને એક માત્ર સ્થૂળ પ્રક્રિયા જ બની રહે છે. તે બધું યન્ત્રવત્ બની જતું હોવાને કારણે એ જરૂરી નથી લાગતું. ઉપાસનાની કોઈ પણ ક્રિયા યન્ત્રવત્ કે ભાવહીન ન બની જવી જોઈએ, એ બધું જ પ્રેમપૂર્વક થવું જોઈએ. એ એક બાહ્ય પળોજણ ન બની રહેતાં હૃદયમાં પ્રેમનાં સ્પંદનો જગાડી શકે તો એ પૂજન–અર્ચન ઇષ્ટ સાથે અનુસન્ધાન સાધી આપનાર સેતુ બની શકે છે. એવા પૂજન–અર્ચનથી ઇષ્ટ સાથે ભાવાનુબન્ધ નિષ્પન્ન થઈ શકે તો તે સ્વીકાર્ય છે. એથી ઊલટું યન્ત્રવત્ બની જાય તો નિરર્થક છે. આખરે પણ એ એક સાધન છે, સાધ્ય નહિ. સાધન ઉપકારક ન નીવડે તો તેનો અર્થ નથી.



Scanned by CamScanner

## ઘૃતદીપ – અગરબત્તી

ભગવાન સમક્ષ – માતાજી સમક્ષ પ્રજ્વળતા ઘૃતદીપ – ઘીના દીવાનું દર્શન ખૂબ અલૌકિક ને શાતાકારી હોય છે. ઘૃતદીપની એક મીઠી સુવાસ વાતાવરણમાં પ્રસરે છે. દીપની જ્યોતિ ચિત્તને પ્રસન્ન ને આહ્‌લાદક નીવડે છે. દીપ એ પ્રકાશનું પ્રતીક છે. એનું મહત્ત્વ આમ તો પ્રથમથી જ સ્વીકારવામાં આવ્યું છે. દીપના સાન્નિધ્યમાં બેસી કરવામાં આવતી ઉપાસના અસ્તિત્વમાં આહ્‌લાદકતા, પવિત્રતા, સાત્ત્વિકતા ને એકાગ્રતા આણે છે પરન્તુ જેવી જેની સુલભતા. ઘી મેળવવું અશક્ય હોય તો તેલનો દીવો કે દીવેલનો દીવો પણ પ્રગટાવી શકાય છે. વીજળીનો નાનો બલ્બ પણ ચાલી શકે છે. એમાંનું કશું જ ન મળે તો દીપ વિના પણ ઉપાસના કરી શકાય છે. દીવાનું મહત્ત્વ તો છે જ, પણ જો તે સુલભ હોય તો જ.

એ જ રીતે અગરબત્તી પ્રગટાવવાથી વાતાવરણ સુવાસમય બને છે.

મારી દૃષ્ટિએ આ બધી બાબતો આખરે પણ બાહ્ય પળોજણ જેવી જ છે. છેવટે પણ મહત્ત્વ તો શ્રદ્ધાનું, શરણાગતિનું, બાળભાવનું તેમ જ પ્રેમભાવનું છે. એને જ પ્રત્યેક ઉપાસકે સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સાધન જરૂરી તો છે જ, પણ માત્ર સાધનને જ વળગી ન રહેતાં સાધ્ય તરફ–લક્ષ્ય તરફ–ધ્યેય તરફ મનુષ્યની–ઉપાસકની ગતિ હોવી જ જોઈએ.

## માળા વિના જપ

ઉપાસક જ્યારે ઉપાસનાની–જપની શરૂઆત કરે છે ત્યારે તેને માટે માળા આવશ્યક છે. કારણ કે તેણે જપ કરવાની ટેવ પાડવાની છે, કેળવવાની છે. શ્રદ્ધા અને શરણાગતિના ભાવને પ્રબળ બનાવવાનો છે અને ચિત્તને એકાગ્ર કરવાનું છે. આ બધું ધારીએ તેટલું સહેલું નથી, ખૂબ દુષ્કર છે. એ દુષ્કર કાર્ય પાર પાડતાં, સિદ્ધ કરતાં જિંદગીની ઘણી લાંબી મજલ કપાઈ જાય છે. ઘણો સમય વીતી જાય છે. કોઈક પુણ્યશાળી જીવાત્મા તે ખૂબ જલ્દી સિદ્ધ કરી લે છે. લાંબા કે ટૂંકા સમયમાં ઉપાસક શ્રદ્ધા ને શરણાગતિના ભાવને પોતાના અસ્તિત્વના અણુએ અણુમાં વહાવી શકે, તેનું ચિત્ત જ્યારે ખૂબ સરળતાથી, સહેલાઈથી ને સહજતાથી માતાજીના સ્વરૂપ, ધ્યાન ને જપમાં એકાગ્ર બની શકતું હોય, ઉપાસકમાં કોઈપણ જાતની અપેક્ષા કે ઝંખના ન રહે, માતાજીના દર્શનની પણ તેને કોઈ જ અભિલાષા ન રહે–માત્ર ઉપાસના ખાતર જ ઉપાસના કરવાની, ભક્તિ ખાતર જ ભક્તિ કરવાની તેની ઝંખના હોય, તેનો તેવો અભિગમ કેળવાય ત્યારે માતાજી માટેની, પોતાના કોઈ પણ ઇષ્ટ માટેની અન્તરની આરત ઉત્કટ બને, તેનું હૈયું આર્તનાદ કરે, હૃદયનો પોકાર ઉદ્‌ભવે ત્યારે માળાનું સાધન આપોઆપ દૂર થઈ જાય છે અને માતાજી–ઇષ્ટ સાથે કેવળ ભાવાનુબન્ધ રચાય છે. ચિત્ત સમ્પૂર્ણપણે તન્મય થઈ જાય છે ત્યારે ઉપાસકને કોઈ સાધનની આવશ્યકતા રહેતી નથી. માળા પણ આખરે તો એક સાધન છે, સાધ્ય તો છે શ્રદ્ધા, શરણાગતિ અને ભાવસમાધિ. એને સિદ્ધ કરવા સાધનની–માળાની જરૂર રહે છે પણ ભાવની પરાકાષ્ઠાએ પહોંચ્યા પછી જ, સમ્પૂર્ણ એકાગ્રતાની કક્ષાએ પહોંચ્યા પછી જ, માળાનો પરિહાર થઈ શકે.

સંજોગવશાત્ ક્યારેક તમારી પાસે માળા ન હોય તો દરરોજ જેટલી માળા કરતા હો તેનો સમય ગણી, અડધો કલાક, કલાક, બે કલાકની ગણતરી કરી, માનસિક મંત્રજપ થઈ શકે છે. તેમાં જરાય સંકોચ રાખવાની જરૂર નથી.

(ક્રમશઃ)

□



Scanned by CamScanner

# ધંધો ફરી ધમધોકાર ચાલુ થયો

મારો એક મિત્ર. ૧૯૬૨થી મારે એની સાથે પરિચય હતો. અમે બન્ને એક જ ઑફિસમાં એક જ ટેબલ પર કામ કરતા હતા. નામ એનું દીપક. રોજનો સહવાસ એટલે નિકટતા કેળવાયેલી. પણ અમારા બન્નેના રાહ જુદા. દીપક ખૂબ જ મહત્ત્વાકાંક્ષી હતો.

૧૯૬૩માં દીપકની બીજે બદલી થતાં અમે બન્ને છૂટા પડયા. છતાં તે અવારનવાર મારી પાસે આવતો અને ઘણી બધી બાબતોમાં મારાં સલાહસૂચન લેતો. પણ એની તમામ વાતોનો મુખ્ય સૂર તો એક જ કે કેમ કરીને લખપતિ થવાય. તે હંમેશ કહેતો, 'નોકરીમાં તો ચિત્ત બિલકુલ ચોંટતું જ નથી, કંઈ ધંધો જડી જાય એટલે બસ'...મને તે એક જ વિનંતી કરતો કે ધનપ્રાપ્તિનો માર્ગ સૂઝાડો. હું તો માતાજીની શરણાગતિનો જ માર્ગ જાણું એટલે દીપકે ઘણી રઢ લીધી ત્યારે મેં એને ગાયત્રી મંત્રની માળા કરવાનું કહ્યું. દીપકે માળા તો શરૂ કરી, પણ એનો ઉદ્દેશ તો એક જ અર્થ-પ્રાપ્તિનો. ૧૯૬૪માં તેણે નોકરીમાંથી રાજીનામું આપ્યું અને મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

તેણે મુંબઈ પહોંચ્યા પછી મને જાણ કરી કે હું મુંબઈ આવ્યો છું. મોટર સ્પેર પાર્ટના ધંધામાં ઝુકાવવાની ઇચ્છા હોવાથી તે ધંધાથી પૂરા માહિતગાર થવા માટે એક પેઢીમાં કામચલાઉ નોકરી સ્વીકારી છે. એક વર્ષની નોકરી દરમિયાન તો મોટર સ્પેર પાર્ટસના ધંધાની ઘણી બધી જાણકારી એણે મેળવી લીધી.

થોડા સમયમાં તેણે એક ભાગીદાર શોધી કાઢયો અને નાસિકમાં મોટર સ્પેર પાર્ટસનો સ્ટોર ખોલ્યો. વખતોવખત તેઓ મને તેમની ખબર આપતા રહેતા. આરંભમાં એમનો સ્ટોર ધમધોકાર ચાલ્યો. નાણાંની રેલમછેલ થઈ ગઈ. જે માણસે મહિને માંડ પાંચસો–છસોની રકમ જોઈ હોય તેના હાથમાં એકદમ આઠ–દસ હજાર રૂપિયા આવતા થઈ જાય ત્યારે શું થાય? માણસને જાણે પાંખો ફૂટે, ઊંચે આકાશમાં એ સ્વૈરવિહાર આરંભે, આસપાસની એને પરવા નહિ રહે. તેણે મને પણ મળવાનું બંધ કરી દીધું. મને તો એનો કોઈ રંજ હતો જ નહિ.

આમ કરતાં દિવસો વીતતા ચાલ્યા. ૧૯૬૫થી ૧૯૭૦ સુધી તો દીપકભાઈનું ગાડું બરાબર ચાલ્યું. પાંચ વર્ષોમાં તે એક વાર પણ મને મળ્યો નહોતો.

૧૯૭૦ના ઑક્ટોબરમાં દીપકભાઈ નાસિકથી પૂના જઈ રહ્યા હતા ત્યારે તેમને મોટર અકસ્માત થયો. પાંચ માસ સુધી તેમને હોસ્પીટલમાં રહેવું પડ્યું. આ પાંચ માસના ગાળામાં તેમના ભાગીદારને જાણે ફાવતું જડયું. એમણે હિસાબોમાં ગોલમાલ કરી અને નાણાં ઉચાપત કરવા માંડયા. વર્ષ આખરે સ્ટોરને મોટી ખોટ આવી અને ધંધામાં ભારે ફટકો પડયો. છેવટે સ્ટોર બંધ કરવાનો નિર્ણય લેવાયો.

તેઓ મારી પાસે આવ્યા. તેમણે બધી હકીકત વિગતે રજૂ કરી કોઈ રસ્તો સુઝાડવા વિનંતી કરી. મેં કહ્યું: ભાઈ, લક્ષ્મી ચંચળ છે. એ તો આવે ને જાય. એ આવે ત્યારે પૂરી વિનમ્રતા રાખવી અને જાય ત્યારે હિંમત ન હારવી. એમાં જ માણસની શોભા છે. લક્ષ્મીને દોલત કહેવામાં આવે છે. એને બે જાતની લત છે. એ આવે છે ત્યારે માણસને બરડે લાત મારે છે એટલે છાતી કાઢી ફરે છે, એની આંખો ઓચીએ આવી જાય છે અને લક્ષ્મી જ્યારે જાય છે ત્યારે છાતીમાં લાત મારતી જાય છે ને



Scanned by CamScanner

માણસ કમ્મરમાંથી વાંકો વળી જાય છે. એની હામ તૂટી જાય છે. એટલે લક્ષ્મીની આ આદતો અંગે સાવધાન રહેવાની જરૂર છે.

હવે ગઈ ગુજરી ભૂલી જાઓ અને દરરોજ ગાયત્રી માતાનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરતાં સાત માળા નિયમિત કરવાનું રાખો. એક મહિના પછી મને ફરીથી મળશો. જો માતાજી તરફથી મને કોઈ સંકેત મળશે તો તેની તમને જાણ કરીશ.

ત્યાર બાદ એક અઠવાડિયું વીતી ગયું. એક દિવસ પ્રાતઃકાળે હું માતાજીના ધ્યાનમાં લીન હતો ત્યાં જ માતાજીનો સંકેત મળ્યો કે દીપકે હવે નાસિક છોડી ઔરંગાબાદ જવું જોઈએ. ત્યાં તેમણે એકલા સ્વતંત્ર માલિકીનો ધંધો કરવો. સંકેતની વિગતો મેં મારી ડાયરીમાં નોંધી લીધી.

એક માસ બાદ દીપકભાઈ મને મળવા આવી પહોંચ્યા. મેં તેમને માતાજીના સંકેતની વાત કરી. ધંધાનું સ્થળ બદલવાની વાતથી દીપકભાઈ ભારે મૂંઝવણમાં પડી ગયા. નાસિકથી તેઓ પરિચિત હતા, જ્યારે ઔરંગાબાદ તો તદ્દન જ નવી જગ્યા, ન કોઈ ઓળખાણ-પિછાણ, નહિ કોઈની હૂંફ. તેમણે પોતાના મનની આશંકા વ્યક્ત કરી. મેં કહ્યું, 'જુઓ દીપકભાઈ, મેં તો માતાજીના આદેશની વાત કરી. મને તો પૂરી શ્રદ્ધા હોય જ ને કે મા જ્યારે આદેશ આપે છે ત્યારે એણે આગળની ગોઠવણ કરી જ રાખી હોય! હવે તો તમારી શ્રદ્ધાનો સવાલ છે. તમારું મન માને તો આગળ વધો.' દીપકભાઈએ વિદાય લીધી.

તેઓ નાસિક ગયા ને પંદર દિવસ થયા હશે ને તેમને ત્યાં એક વેપારી ભાઈ આવ્યા. તેમણે વાતવાતમાં જણાવ્યું કે મોટર સ્પેર પાર્ટ્સની મારી એક શાખા ઔરંગાબાદમાં છે, મારો વિચાર એ શાખા કાઢી નાખવાનો છે. મારો એક જ દીકરો છે ને બધે મારાથી પહોંચી વળાતું નથી. તમને જો રસ હોય તો મને જણાવજો. દીપકભાઈને થયું કે આ માતાજીના સંકેતની જ વાત છે! એમણે વાટાઘાટ ચલાવી, શરતો નક્કી થઈ અને દુકાન તેમણે ખરીદી લીધી. તેમનો ધંધો ધમધોકાર ચાલવા લાગ્યો. આ વાતની જાણ તેમણે પત્ર દ્વારા કરી ને માતાજીની કૃપાથી મારું હૃદય ભરાઈ આવ્યું.

□

Scanned by CamScanner



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner